RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 285, Dt.20-01-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અયોધ્યાનગરીમાં રામલલ્લાના આગમનની ગણાતી ઘડીઓ

## સોમવારે ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે રામનગરી અયોધ્યાએ સજયા સોળે શણગારઃ શ્રીરામ આયેંગે... આયેંગે...ના ગગનભેદી નારાથી વાતાવરણ ગુંજી ઉઠયુંઃ આમંત્રિતો સિવાય અયોધ્યામાં નો એન્ટ્રી



**મુખ્ય સમાચાર, અયોધ્યા**

ભગવાન શ્રીરામના જન્મસ્થળ અયોધ્યામાં નિર્માણ પામેલા ભવ્ય રામમંદિરમાં સોમવારે ઐતિહાસિક પ્રાણ પ્રતિષ્ઠા થવાની છે તે પુર્વે રામનગરીએ દિવ્યતા ધારણ કરી લીધી છે. પ્રાણ પ્રતિષ્ઠા પુર્વેની વિધિ ચાલુ જ રહી છે. આજે પ્રભુ શ્રીરામની પ્રતિમાના દેહને શુદ્ધ કરીને પ્રાણ પુરવાની પ્રક્રિયા થઈ હતી અને તેમાં અરણી મંથનથી કુંડમાં અગ્નિ પ્રકટ થઈ હતી. અયોધ્યામાં આજથી જ આમંત્રીતો સિવાયના લોકોને નનો-એન્ટ્રીથનો અમલ શરૂ થઈ ગયો છે.

આજથી અસ્થાયી મંદિરમાં રામલલાના દર્શન બંધ થયા છે. વાસ્તુ શાંતિ પૂજા બાદ પ્રતિમાને સિંહાસન પર બિરાજમાન કરવામાં આવી હતી. સામાન્ય લોકો માટે ૨૩મીથી મંદિરમાં દર્શન શક્ય બનશે. આજે વિહિપના કાર્યકારી અધ્યક્ષ આલોકકુમાર તથા કાશીના સૂર્યકાંત જાલાન યજમાનની ભૂમિકામાં છે. સમગ્ર અયોધ્યામાં દિવ્ય માહોલ રચાયો છે. અમૃત મહોત્સવ લેસર શો યોજવામાં આવ્યો હતો.

દરમ્યાન પ્રાણ પ્રતિષ્ઠાના અવસરે માત્ર આમંત્રીતોને જ આવવા દેવાના સરકારના નિર્ણયને પગલે મધરાતથી જ નો-એન્ટ્રી લાગુ પાડી દેવામાં આવી હતી. ૨૩મીથી સામાન્ય લોકો માટે રામમંદિર ખુલશે. ત્રણ દિવસ સુધી બહારના લોકોનો પ્રવેશ પ્રતિબંધ રહેશે. સ્થાનિક લોકોને ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે.

૨૩મીથી સામાન્ય લોકો માટે દર્શન ખુલ્લા મુકવામાં આવનાર છે ત્યારે લખનૌ સહિતના શહેરોમાંથી સેંકડો બસો દોડાવવાનું આયોજન કરાયુ છે તેવી જ રીતે રેલવે દ્વારા ૩૦૦ આસ્થા ટ્રેન દોડાવવામાં આવશે. એવો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે કે પ્રાણ પ્રતિષ્ઠા બાદ રામમંદિર ખુલ્લુ મુકાવા સાથે યાત્રાળુઓની સંખ્યામાં ૩થીજ ગણી વૃદ્ધિ થઈ શકે છે. યાત્રાળુઓને પરિવહનમાં સરળતા રહે તે માટે બસ-ટ્રેન સહિતની ગોઠવણો કરવામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યજમાનીમાં યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પુર્વે સમગ્ર અયોધ્યાનગરીએ દિવ્ય શણગાર સજયા છે. સમગ્ર શહેર રોશનીથી સજી ગયુ છે અને રામ આયેંગે, આયેંગેના જયઘોષ ગુંજી રહ્યા છે. સોમવારે દેશભરમાંથી મહાનુભાવો, સાધુસંતો, સેલીબ્રીટીઓ હાજર રહેવાના છે. સુરક્ષાથી માંડીને વિમાન પાર્કીંગ સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે.

ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ ખુદ પોતે તૈયારીઓ પર નજર રાખી રહ્યા છે. કાર્યક્રમમાં કોઈ કચાશ ન રહે અને અતિ ભવ્ય બને તે માટે ખાસ કાળજી લેવામાં આવી છે.

# રામ મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ બાદ ભાજપ મંગળવારે ૨૬ ચૂંટણી કાર્યાલયોનો કરશે શુભારંભ

## ભૂપેન્દ્રભાઈ અને સીઆર પાટીલ ઓનલાઈન સંબોધન કરશેઃ ૧૫ ફેબ્રુઆરી આસપાસ ૧૮૨ ધારાસભા ક્ષેત્રમાં પણ કાર્યાલયો ખોલાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાજપ દ્વારા લોકસભાની ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા. ૨૩ મંગળવારે રાજયમાં એક સાથે ૨૬ લોકસભા મત વિસ્તારમાં મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન કરવાનું નકકી કરવામાં આવ્યું છે. ૧૧ વાગ્યાથી જે તે વિસ્તારમાં કાર્યક્રમ શરૂ થશે. બપોરે ૧૨.૩૯ મીનીટે વિજય મૂહુર્તે વિધિવત ઉદ્‌ઘાટન થશે પાર્ટી કાર્યાલય સિવાઇ અલગ સ્થળે ભૌગોલિક સ્થિતિ અને પાર્કીંગ સહિતની સુવિધા



ધ્યાને રાખીને કાર્યાલય પસંદ કરવાનું જણાવાયું છે પોરબંદર લોકસભા વિસ્તારનું કાર્યાલય ગોંડલમાં અને રાજકોટ લોકસભા વિસ્તારનું કાર્યાલય રાજકોટ શહેરમાં ખુલશે. સોમવારે અયોધ્યાના રામ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા થયા બાદ મંગળવારે ગુજરાતમાં એક સાથે ૨૬ મુખ્ય ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન થશે.

દરેક લોકસભા મતક્ષેત્રમાં રાજયના મંત્રીઓ અથવા સંગઠનના સિનિયર આગેવાનો હાજરી આપશે. પ્રભારીઓ અને સંયોજકો પણ હાજર રહેશે ગાંધીનગરથી પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કાર્યાક્રમમાં ઓનલાઇન જોડાઇને સંબોધન કરશે રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડા પણ ગાંધીનગર આવે તેવી શકયતા છે.

ભાજપ દ્વારા ઉમેદવારો જાહેર થાય તે પૂર્વેજ તમામ ૨૬ લોકસભા મતક્ષેત્રમાં મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ધમધમતું કરી દેવાનું આયોજન છે. તા. ૧૫ ફેબ્રુઆરી આસપાસ ૧૮૨ વિધાનસભામાં ચૂંટણી કાર્યાલય શરૂ કરી દેવામાં આવશે. હરીફોની સરખામણીએ ભાજપ દેખીતી રીતે ચૂંટણી તૈયારીમાં આગળ છે. તેવો મેસેજ આપવાનો પ્રયાસ છે. ફરી એકવાર, મોદી સરકારથના સૂત્ર સાથે દીવાલો ચીતરવાનું અભિયાન ચાલુ છે.

# ૧૫મી ગુજરાત વિધાનસભાનું બજેટ ત્રણ લાખ કરોડને પહોંચે તેવો અંદાજ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

પંદરમી ગુજરાત વિધાનસભાનું બજેટ અત્રે આગામી ફેબ્રુઆરી ૧ લી તારીખથી મળી રહ્યું છે. આ સત્રના બીજા દિવસે એટલે કે ૨જી. ફેબ્રુઆરીના રોજ વર્ષ-૨૦૨૪-૨૫ ના વર્ષ માટેનું ફુલ બજેટ સત્ર મળી રહ્યું છે.

આ બજેટ સત્ર તા. ૨૯ મી ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થઇ રહ્યું છે. ગુજરાત સરકારના ઈતિહાસમાં પ્રથમ વખત બજેટ સત્ર ફેબ્રુઆરીમાં શરૂઆતથી મળી રહ્યું છે. તેમ કહેવાય છે એની પાછળનું મુખ્ય કારણ આગામી એપ્રિલ મે માસમાં સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીઓ યોજાનાર છે.

આ બજેટ સત્રની તૈયારીઓના ભાગ રૂપે રાજય સરકારના નાણા વિભાગ દ્વા રાજય સરકારના તમામ વિભાગોને પોતાના હસ્તકની કચેરીઓને આગામી વર્ષ માટેની નાણાંકીય



જોગવાઇઓ અંતે જરૂરી જરૂરીયાત અને વિવિધ યોજનાઓ માટેની નાણાંકીય જરૂરીયાત માટેની તૈયારીઓ માટે વિવિધ સૂચનાઓ આપવામાં આવી છે. આ વખતે એક અગત્યની અને કડક સુચના વિભાગોને આપવામાં આવી છે કે ભૂતકાળમાં ઘણી વખત એવું બનવા પામ્યુ છે કે સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ ગ્રાન્ટ પુરતા પ્રમાણમાં વપરાશ કરવામાં આવ્યો નથી તેવી ભૂલ હવેની પરિસ્થિતિમાં બને નહિ તેની કાળજી રાખવામાં આવી છે.

અગત્યની વાત એ છે કે આગામી બજેટ સત્રનું બજેટ અંદાજે ત્રણ લાખ કરોડની નજીક પહોંચે તેવી પુરેપુરી શકયતાઓ દેખાઇ રહી છે. આ પણ ગુજરાત સરકારનો ઇતિહાસ બની રહેશે. આ બજેટની રકમ વધવા પાછળનું મુખ્ય કારણ શિક્ષણ, આરોગ્ય, આદિવાસી વિસ્તારની યોજનાઓ પાછળ રહેશે. ઉપરાંત રાજય સરકાર દ્વારા રાજયમાં રસ્તાઓના વિકાસ પાછળ પણ મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે.

રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા છેલ્લા પંદર દિવસથી વાયબ્રન્ટમાં અધિકારીઓ વ્યસ્ત હતાં. જે હવે તમામ અધિકારીઓ અને કર્મચારીઓ આરામની ભૂમિકામાં જઇ રહ્યા છે ત્યારે આગામી વર્ષના બજેટ સત્રમાં વ્યસ્ત થઇ ગયા છે.

# ગણતંત્ર દિવસે તિરંગાને ફેંકતા નહીં, કેન્દ્ર સરકારે જાહેર કર્યો આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં ગણતંત્ર દિવસની તૈયારીઓ ધામધૂમથી ચાલુ છે. ભારત આ વર્ષે પોતાનો ૭૫મો ગણતંત્ર દિવસ મનાવી રહ્યુ છે. ગણતંત્ર દિવસ પહેલા ગૃહ મંત્રાલયે રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને એક સર્ક્યુલર જારી કર્યું છે. સર્ક્યુલરમાં કહેવામાં આવ્યુ છે કે એ વાતનું પુરુ ધ્યાન રાખવામાં આવે કે મહત્વપૂર્ણ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને રમત-ગમતના આયોજનોના અવસર પર જનતા દ્વારા ઉપયોગ કરવામાં આવતા કાગળથી બનેલા ધ્વજને ઈવેન્ટ બાદ ફેંકવામાં ન આવે કે જમીન પર નાખવામાં ન આવે.

ગૃહ મંત્રાલયે કહ્યુ કે આવા



ધ્વજનો નિકાલ, ધ્વજની ગરીમાને અનુરૂપ, ખાનગી રીતે થવો જોઈએ. મંત્રાલયે કહ્યુ કે ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ભારતના લોકોની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. MHAએ શુક્રવારે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો (UT) એ ભારતનો ધ્વજ કોડ, ૨૦૦૨ના જોગવાઈનું કડકાઈથી પાલન કરવાનો આદેશ આપ્યો. સાથે જ કહ્યુ કે ગણતંત્ર દિવસ સમારોહ પહેલા રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧નું પણ પાલન કરવામાં આવે.

ગૃહ મંત્રાલયે રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો અને સરકારી મંત્રાલયોની સાથે-સાથે વિભાગો સાથે પણ આ સંબંધિત એક જન જાગૃતતા કાર્યક્રમ ચલાવવા અને ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયામાં જાહેરાતોના માધ્યમથી આ વિશે પ્રચાર કરવાની પણ વિનંતી કરી છે. મંત્રાલયે આ સંબંધમાં તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીના મુખ્ય સચિવો અને સંચાલકોની સાથે-સાથે ભારત સરકારના તમામ મંત્રાલયો અને વિભાગોના સચિવોને શુક્રવારે પરિપત્ર જારી કરવામાં આવ્યો.

# રામલલ્લાની પ્રતિમામાં બાળપણની દિવ્યતાઃ મૂર્તિની ખૂબ જ ખાસ તસ્વીર સામે આવી

## મૂર્તિનું વજન ૨૦૦ કિલોનું ભગવાન વિષ્ણુના ૧૦ અવતાર દર્શાવાયા

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

અયોધ્યામાં રામ લાલાના જીવન અભિષેકની ક્ષણ ખૂબ જ નજીક છે. આ પહેલા અહીં પૂજા અને અનુષ્ઠાનનો સમારોહ શરૂ થઈ ગયો છે. આ દરમિયાન રામલલાની મૂર્તિની ખૂબ જ ખાસ તસવીર સામે આવી છે. તેનું સંપૂર્ણ સ્વરૂપ આ તસવીરમાં જોઈ શકાય છે.

તસવીરમાં રામલલા કપાળ પર તિલક સાથે ખૂબ જ નમ્ર મુદ્રામાં જોવા મળે છે. જો કે, રામલલાની આ તસવીર ગર્ભગૃહમાં બિરાજમાન થયા તે પહેલાની બિરાજમાન પ્રતિમામાં ફેરફાર પણ હોય શકે છે. અત્યારે ભગવાન આંખે પાટા બાંધેલ છે.

ગર્ભગૃહમાં ભગવાન રામના બાળ સ્વરૂપની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી




છે. ભગવાન રામની મૂર્તિ પર આંખે પટ્ટી બાંધેલી છે. ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાટો હટાવીને આ પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરશે. વાયરલ તસવીરમાં ભગવાન રામનું સમગ્ર સ્વરૂપ જોઈ શકાય છે. તસવીરમાં રામલલા કપાળ પર તિલક સાથે ખૂબ જ નમ્ર મુદ્રામાં જોવા મળે છે. રામ લાલાના ચહેરા પર સ્મિત દેખાય છે જે ભક્તોને મોહિત કરે છે.

મૂર્તિની વિશેષતાઓ જોઈએ તો તેમાં અનેક ગુણો છે. આ મૂર્તિ હજારો વર્ષ જૂની શ્યામ શિલાની છે. મૂર્તિને પાણીથી કે એસિડ જેવા કોઈ પણ કેમિકલથી નુકસાન નહીં થાય. મૂર્તિનું વજન લગભગ ૨૦૦ કિલો છે. તેની કુલ ઊંચાઈ ૫૧ ઇંચ છે, જ્યારે તેની પહોળાઈ ત્રણ ફૂટ છે. પ્રતિમા કમળના ફૂલ પર સ્થાયી મુદ્રામાં છે, તેના હાથમાં ધનુષ અને તીર છે. કૃષ્ણ શૈલીમાં મૂર્તિ બનાવવામાં આવી છે.સ્ન્સ્

મૂર્તિ પર સ્વસ્તિક, ઓમ, ચક્ર, ગદા અને સૂર્ય ભગવાન વિરાજમાન છે. રામલલાની આસપાસ એક આભામંડળ છે. શ્રી રામના ભુજાઓ ઘૂંટણ સુધી લાંબી છે. સુંદર મસ્તક, આંખો મોટી અને ભવ્ય કપાળ છે. ભગવાન રામનો જમણો હાથ આશીર્વાદની મુદ્રામાં છે. મૂર્તિમાં ભગવાન વિષ્ણુના ૧૦ અવતાર દેખાય છે. મૂર્તિની નીચે એક તરફ ભગવાન રામના પ્રખર ભક્ત હનુમાનજી કોતરેલા છે અને બીજી બાજુ ગરુડજી કોતરેલા છે. પાંચ વર્ષના બાળકની બાળક જેવી માયા મૂર્તિમાં દેખાય છે. આ પ્રતિમા શિલ્પકાર અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના અધિકારીઓએ જણાવ્યું કે પસંદ કરાયેલી મૂર્તિમાં બાળપણ, દિવ્યતા અને રાજકુમારની છબી જોવા મળે છે.

# આધારકાર્ડમાં હવે સુધારો કરવા અંગે થયો મોટો ફેરફાર, નવું નોટિફિકેશન કરાયું જાહેર

## ૧૮ વર્ષથી ઉપરના કોઈ પણ વ્યક્તિ ફોર્મ ૧ ભરી શકે છેઃ હવે દરેક કામ માટે આધાર સેન્ટર પર જવાની જરૂર નહી રહે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં અલગ- અલગ કામ માટે તમામ પ્રકારના દસ્તાવેજ બનાવવામાં આવે છે. તેમાથી સૌથી વધારે આઈડી પ્રૂફ તરીકે પણ કામ આવે છે. જેમાથી આધાર કાર્ડ પણ એવું એક દસ્તાવેજ છે. આધાર કાર્ડનો ઉપયોગ કરોડો લોકો કરી રહ્યા છે, જેમા બેંકમાં ખાતુ ખોલાવવાથી લઈને સિમ કાર્ડ લેવા સુધી દરેક બાબતે આધારકાર્ડની જરુર પડે છે. પરંતુ લોકોના આધાર કાર્ડમાં મોટાભાગે ઘણી ભૂલો હોય છે, જેને પછીથી બરોબર કરાવવામાં આવે છે. હવે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આધારને લઈને એક નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે. જેમાં આધાર અપડેટ કર્યા




બાદ હવે તમારે નવું ફોર્મ ભરવાનું રહેશે.

આધાર કાર્ડને લઈને સામે આવેલી માહિતીમાં કહેવામાં આવ્યું છે કે, હવે આધારમાં કરેક્શન વધુ સરળ થઈ જશે. હવે કેટલાક કરેક્શન ઓનલાઈન કરી શકાશે, જેને પહેલા સેન્ટર પર જઈને કરાવવા પડતા હતા તે હવે ઓનલાઈન કરી શકશો. એટલે કે હવે દરેક કામ માટે આધાર સેન્ટર પર જવાની જરુર નહી રહે.

નવા આધાર કાર્ડ બનાવવા અને આધારમાં અપડેટ માટે જુના ફોર્મની જગ્યાએ નવુ ફોર્મ ભરવું પડશે. આ નવા ફોર્મમાં તમને કેટલાક વિકલ્પો પણ આપવામાં આવ્યા છે. ૧૮ વર્ષથી ઉપરના કોઈ પણ વ્યક્તિ ફોર્મ ૧ ભરી શકે છે. જેમાં અલગ- અલગ કેટેગરી જોવા મળશે, તમારે જે બાબતે કરેક્શન કરાવવાનું હોય અથવા અપડેટ કરાવવાનું હોય તે કરી શકો છો.

વિદેશમાં રહેતા ભારતીયો એટલે કે ગર્છી લોકો માટે પણ ફોર્મ-૨ અને ફોર્મ-૩ બહાર પાડવામાં આવ્યું છે. ફોર્મ-૨ હેઠળ એ લોકોનો સમાવેશ કરવામાં આવશે જે લોકો પાસે ભારતની બહાર એડ્રેસનું પ્રમાણપત્ર છે. ભારતીય એડ્રેસ ધરાવતા લોકો ફોર્મ-૩નો ઉપયોગ કરી શકે છે. એજ પ્રમાણે અલગ-અલગ કેટેગરી માટે અલગ-અલગ ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે.

# ભારતીય પ્રવાસીઓ ટૂંક સમયમાં દુનિયાભરમાં UPIનો ઉપયોગ કરી શકશેઃ ગૂગલ ઈન્ડિયા અને NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લી.એ MoU પર હસ્તાક્ષર કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય પ્રવાસીઓ ટૂંક સમયમાં જ Google Pay દ્વારા વિશ્વભરમાં ગ્નડ્ઢઈ દ્વારા લેવડ-દેવડ કરી શકશે. આ માટે ગૂગલ ઇન્ડિયા ડિજિટલ સર્વિસિસ અને NPCI ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL) એ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

આ MoUથી UPIની ગ્લોબલ પ્રેજન્સ મજબૂત થશે. વિદેશી વેપારીઓને તે ભારતીય ગ્રાહકો સુધી પહોંચ મળશે જેમને હાલમાં ડિજિટલ પેમેન્ટ માટે માત્ર ફોરન કરન્સી, ક્રેડિટ અને ફોરન કરન્સી કાર્ડ પર આધાર રાખવો પડે છે. એક નિવેદન જાહેર કરીને, Google ઙ્ગુએ કહ્યું, પઆ ખજ્ઞઅના ત્રણ મુખ્ય ઉદ્દેશ્યો છે...

તે ભારતની બહારના પ્રવાસીઓ માટે UPI ચૂકવણીનો ઉપયોગ વિસ્તારવા માંગે છે, જેથી તેઓ સરળતાથી વિદેશમાં લેણદેણ કરી શકે. એમઓયુનો ઉદ્દેશ્ય




અન્ય દેશોને UPI જેવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં મદદ કરવાનો છે, જે સીમલેસ નાણાકીય વ્યવહારો માટે એક મોડેલ પ્રદાન કરશે. UPI ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરતા દેશો વચ્ચે રેમિટન્સ (વિદેશી ચલણ મેળવવાનું એક માધ્યમ)ની પ્રક્રિયાને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું, જેનાથી ક્રોસ બોર્ડર નાણાકીય વ્યવહારો સરળ બને છે.

NIPL ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રિતેશ શુક્લાએ જણાવ્યું હતું કે, પઆ વ્યૂહાત્મક ભાગીદારી માત્ર ભારતીય પ્રવાસીઓ માટે વિદેશી લેણદેણને સરળ બનાવશે નહીં, પરંતુ અમને અન્ય દેશોમાં સફળ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ્સ ચલાવવા માટે નોલેજ અને એક્સપર્ટીજ પણ મળશે.થ

તેમણે કહ્યું, પઆ એમઓયુ UPIની ગ્લોબલ પ્રેજન્સને મજબૂત કરશે. વિદેશી વેપારીઓને એવા ભારતીય ગ્રાહકો સુધી પહોંચ મળશે જેમને હાલમાં ડિજિટલ પેમેન્ટ માટે માત્ર વિદેશી ચલણ, ક્રેડિટ અને વિદેશી ચલણ કાર્ડ પર નિર્ભર રહેવું પડશે નહીં.

Google Pay India પાર્ટનરશિપના ડિરેક્ટર દીક્ષા કૌશલે જણાવ્યું હતું કે ચુકવણીને સરળ, સુરક્ષિત અને સુવિધાજનક બનાવવાની અમારી પ્રતિબદ્ધતા તરફ આ બીજું પગલું છે. અમે આંતરરાષ્ટ્રીય બજારમાં UPI ની પહોંચને વિસ્તારવામાં NIPL ને સપોર્ટ કરતા ખુશ છીએ.

UPIએ ડિસેમ્બર ૨૦૨૩માં ૧,૨૦૨ કરોડ વ્યવહારોનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ સમયગાળા દરમિયાન લોકોએ ૧૮,૨૨,૯૪૯.૪૫ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કર્યા હતા. જ્યારે એક મહિના પહેલા નવેમ્બરમાં ૧,૧૨૩ કરોડ ટ્રાન્ઝેક્શન દ્વારા ૧૭,૩૯,૭૪૦.૬૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા હતા.

UPI સર્વિસ માટે તમારે વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ બનાવવું પડશે. આ પછી તેને બેંક ખાતા સાથે લિંક કરવાનું રહેશે. આ પછી તમારો બેંક એકાઉન્ટ નંબર, બેંકનું નામ અથવા IFSC કોડ વગેરે યાદ રાખવાની જરૂર નથી. ચુકવણી પ્રદાતા ફક્ત તમારા મોબાઇલ નંબર અનુસાર ચુકવણી વિનંતી પર પ્રક્રિયા કરે છે.જો તમારી પાસે તેનું UPI આઈડી (ઈ-મેલ આઈડી, મોબાઈલ નંબર અથવા આધાર નંબર) છે તો તમે તમારા સ્માર્ટફોન દ્વારા સરળતાથી પૈસા મોકલી શકો છો.

# મોરબી જિલ્લા પોલીસે વ્યાજખોર સહિત પાંચ રીઢા ગુન્હેગારોને પાસા તળે જેલભેગા કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા પોલીસ ટીમે વ્યાજખોરી અને શરીર તેમજ મિલકત સંબંધી ગુન્હાઓમા સંડોવાયેલ પાંચ રીઢા ગુન્હેગારોને પ્રિવેંશન ઓફ એન્ટી સોશિયલ એક્ટિવિટી હેઠળ એક સાથે અલગ અલગ જેલમાં ધકેલી દેતા ગુન્હેગાર આલમમાં ફફડાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી શહેર જિલ્લામાં મિલકત સંબંધી, શરીર સંબંધી તેમજ વ્યાજખોરીના અલગ અલગ ગુન્હામાં સંડોવાયેલ પાંચ ઇસમો વિરુદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પાસા દરખાસ્ત કરતા પાસા દરખાસ્ત મંજુર કરવામાં આવતા પારસ ઉર્ફે સુલતાન ગિરધરભાઈ વાઘેલા, અજય જગદીશભાઈ ચૌહાણ રહે.બન્ને રફાળેશ્વર, ગૌતમ જયંતિભાઈ મકવાણા રહે.લીલાપરને શરીર તેમજ મિલકત સંબંધી ગુન્હાઓ અચરવા સબબ અનુક્રમે જુનાગઢ, સુરત અને વડોદરા જેલ હવાલે કરવામાં આવ્યા છે. જયારે વ્યાજખોરી બદલ રોહિત રાજેશભાઇ જિલરીયા રહે.તુલસી પાર્ક મોરબી વાળાને ભાવનગર જેલ તેમજ વિરમભાઈ હમીરભાઈ કરોતરાને વ્યાજખોરી સબબ મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.



# જામનગરના સરમત પાટીયા પાસે વિદેશી દારૂ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ જીલ્લામા પ્રોહી.જુગાર સદંતર બંધ કરવા સુચના કરવામાં આવેલ હોય તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા.તથા સર્કલ પો.ઇન્સ . પી.એલ.વાઘેલાના સિધા માર્ગદર્શન હેઠળ સિક્કા પો.સ્ટે . વિસ્તારમાં દારૂ.જુગારના વધુને વધુ કેસો શોધી કાઢવા સુચનાઓ આપવામાં આવેલ . ઉપરોક્ત સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ સિક્કા પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ. આર.એચ.બારની સુચનાથી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા ત્યારે પો.કોન્સ.જીતેન્દ્રભાઇ કાંતીભાઇ પરમાર તથા ભુપેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા તથા જયપાલભાઇ ડાયાભાઇ મેર તથા કુષ્ણપાલસિંહ કરણસિંહ જાડેજાને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે સરમત પાટીયા પાછળ આર્ય ભગવતી સોસાયટી બ્લોક નં ૧૬૧ માં એક ઇસમ ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ રાખી ગે.કા. વેચાણ કરે છે તેવી ખાનગી રાહે હકિકત મળેલ હોય જેથી આર્ય ભગવતી સોસાયટી બ્લોક નં ૧૬૧ માંથી અલગ અલગ બ્રાંડની ઇંગ્લીશ દારૂના ચપટા સાથે એક આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ . પકડાયેલ આરોપી.સાહીલ ધીરૂભાઇ સોજીત્રા રહે.ગોકુલનગર બંસી સ્કુલ પાસે , શેરી નં : ૦૭ , પી.એચ.સોઢા ક્લાસીસની બાજુમાં જામનગર પકડવાના બાકી આરોપીઓ. સાગર બીપીનભાઇ ચાવડા રહે , સાઢીયા પુલ સામે , શેરી નં ૦૯ જામનગર કીશન ઉર્ફે તોતોકોળી રહે , સાયોનાળી શેરી , રામ પાન સામે ,એરફોર્સની દીવાલ પાસે જામનગર કબ્જે કરેલ મુદામાલ વિદેશી દારુ મેકડોવલ્સનં . ૦૧ ડીલક્સ વ્હિસ્કીના ચપટા ફુલ નંગ . ૩૮૪ કિ.રૂ. ૩૮૪૦૦ મોબાઇલ ફોન નંગ -૦૧ કી.રૂ .૪૦૦૦ મળી કુલ કિ.રૂ. ૪૨,૪૦૦ નો મુદામાલ આરોપી સાગર બીપીનભાઇ ચાવડા વિરૂધ્ધ અગાઉ નોંધાયેલ ગુનાઓ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે . ગુ.ર.ન. - ૨૪૩૩.૨૦૨૩ ઇલેક્ટ્રીસીટી એક્ટની કલમ -૧૫૨ સીટી સી પો.સ્ટે . ગુ.ર.ન. ૯૫૬.૨૦૨૧ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ -૫૧ બી વિ. ૩. સીટી સી પો.સ્ટે . ગુ.ર.ન. - ૭૭૦ / ૨૦૨૩ જુ.ધા કલમ -૧૨ કામગીરી કરનાર સિક્કા પો.સ્ટે.ટીમ- પો.સબ.ઇન્સ. આર.એચ.બાર તથા પો.હેડ.કોન્સ .જયરાજસિંહ ઘનશ્યામસિંહ રાણા પો.કોન્સ . જીતેન્દ્રભાઇ કાંતીભાઇ પરમાર તથા ભુપેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા તથા જયપાલભાઇ ડાયાભાઇ મેર તથા કુષ્ણપાલસિંહ કરણસિંહ જાડેજા વિગેરેનાઓ દ્વારા કરવામા આવેલ છે



# રાજુલા તલાટી કમ મંત્રી મંડળના હોદેદારોની સર્વાનુમતે નિમણુંક

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા તાલુકા તલાટી કમ મંત્રી મંડળની સામાન્ય બેઠક ભેરાઈ ગામે સાકરીયા હનુમાનજીના સાનિધ્યમા યોજાઈ હતી જેમા ચર્ચા વિચારણાના અંતે પ્રમુખ તરીકે ભગુભાઈ નકુમ,ઉપપ્રમુખ તરીકે મુસ્તુફાભાઈ બેલીમ,મંત્રી તરીકે ભાવેશભાઈ સોલંકી,ખજાનચી તરીકે જયેશભાઈ નકુમ,મહિલા પ્રતિનિધિ તરીકે ઉર્મિલાબેન તેરૈયા તેમજ જિલ્લાના પ્રતિનિધિ તરીકે ગીગાભાઈ વાઢેર અને વિરમભાઈ ખાંભલાની બિનહરીફ વરણી કરવામા આવી હતી તેમજ હાજર તલાટી કમ મંત્રીઓ દ્વારા તમામ વરણી થનાર હોદ્દેદારોને અભિનંદન સાથે નવનિયુક્ત તલાટી મંત્રીઓનું સ્વાગત કરવામા આવેલ તેમજ સરકારની કલ્યાણકારી વિવિધ યોજનાઓનો છેવાડાના માનવીને લાભ અપાવવા અને લોકોને મદદરૂપ થવા માટે એકજુટથી ફરજ બજાવવા માટે કટીબદ્ધતા દર્શાવી બેઠક પૂર્ણ કરવામા આવેલ આ તકે લોક સાહિત્યકાર શૈલેષભાઈ વાઘેલા દ્વારા હળવી શૈલીમાં સૌને મોજ કરાવી હતી



# ટંકારાના ધુનડા પાસેથી વિદેશી દારૂની ૩૫ બોટલ સાથે પરપ્રાંતીય શ્રમિક ઝડપાયો

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના ધુનડા(સ)ગામ નજીક આવેલ ઈડનહિલ્સ સોસા. પાસે રોડ ઉપરથી મૂળ મધ્યપ્રદેશના વતનીને વિદેશી દારૂની ૩૫ બોટલ સાથે ટંકારા પોલીસે ઝડપી પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ટંકારા પોલીસ ટીમે ધુનડા(સ) ગામ નજીક આવેલ ઈડનહિલ સોસાયટી પાસે રોડ ઉપરથી પ્રકાશ સેનીયાભાઇ સંગાળા ઉવ.૨૪ રહે હાલ- ધુનડા(સ) ગામની સીમમાં દામજીભાઇ પટેલની વાડીએ તા- ટંકારા રહેમુળ-વરજર ગામ તા.ભાભરા મધ્યપ્રદેશને પાસ પરમીટ કે આધાર વગર વિદેશી દારૂની ગોઆ સ્પિરિટ વ્હિસ્કીની કુલ ૩૫ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. ટંકારા પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ પ્રોહી. ગુન્હો દાખલ કરી આગળની તપાસ ચલાવી હતી.

# જામનગર પોલીસે એનજીઓની મદદથી ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડ્રગ્સ મુક્ત ભારત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ઈન્વિન્સિબલ એનજીઓ ટીમ જામનગર પહોંચી, ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડ્રગ્સ જાગૃતતા માટે પ્રતિજ્ઞા લેવડાવી.ભારત આજે વિશ્વનું સૌથી સમૃદ્ધ યુવાધન ધરાવતો દેશ છે. પરંતુ દેશના મોટા ભાગના રાજ્યોમાં ડ્રગ્સનું દૂષણ યુવાપેઢીનો નાશ કરી રહી છે, હાલમાં ગુજરાતમાં પણ ડ્રગ્સનાં દુષણનો પગપેસારો થઈ રહ્યો છે માટે આ યુવાપેઢીને ડ્રગ્સ નાં પ્રભાવથી દૂર રાખવા માટે ઈન્વિન્સીબલ એન.જી.ઓ. દ્વારા આયોજિત ગઘ ઉછભત્રજ્ઞ ઈઅખડઅઈત્રજ્ઞ અંતર્ગત ૨૫ યુવાઓની ટીમ ૧૭ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી દરમ્યાન ૧૧૦૦ કિલોમીટર સાયકલ અને બાઈક રાઈડ કરી રહી છે. આ ડ્રગ્સ જાગૃતતા અભિયાન માટે ઇન્વિન્સીબલ એન.જી.ઓ. ટીમ ગુજરાતના ૧૨ મુખ્ય શહેરોમાં ૮૦ થી વધુ શાળાઓ અને કોલેજો માં ૭૫,૦૦૦૦ થી વધુ યુવાનોને ડ્રગસની નકારાત્મક અસરો વિશે માહિતગાર કરશે.ઈન્વિન્સિબલ એનજીઓ ટીમ ૧૯ જાન્યુઆરી નાં રોજ જામનગર પહોંચી હતી. NO DRUGS CAMPAIGN ની ટીમ દ્વારા ધ્રોલ ની બિ એમ પટેલ સ્કૂલ, જામનગર ની સત્યસાઈ વિદ્યાલય,એસ.વી.ઇ.ટી કોલેજ, શનશાઈન વિદ્યાલય, હરિયા કોમર્સે કોલેજ નાં વિદ્યાર્થીઓ તથા એમ.પી.શાહ મેડિકલ કોલેજ, યુનિવર્સિટીના ભાવિ ડોક્ટરોને ઇન્વિન્સિબલ એન.જી.ઓ. ના સ્થાપક ઋષિરાજ મોરી અને તેઓની ટીમે તથા જામનગર એસ.ઓ.જી.ટીમ નાં અધિકારીઓ એ મુલાકાત લઇ ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ડ્રગ્સ મુક્ત ભારત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી અને આ અભિયાન માં જોડાવા આહવાન કર્યું હતું.





# જામનગરના ધુંવાવથી ખિમરાણા બાયપાસ સુધી રૂ.૯૩ લાખના ખર્ચે રસ્તાના કામનું ખાતમૂર્હુત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમા રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલના હસ્તે જામનગર તાલુકાના ધુવાવ બાયપાસથી ખીમરાણા બાયપાસને જોડતા ૧.૫ કિમીના કાચા રસ્તા પર ડામર રોડ બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ગ્રામસડક યોજના હેઠળ રૂ.૯૩ લાખના ખર્ચે ડામર રોડનું નિર્માણ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યું હતું કે, લોકોની પાયાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સરકાર તત્પર છે. રાજ્યના છેવાડાના માનવીની પ્રાથમિક જરૂરિયાતો સંતોષીને તેમનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર કામગીરી કરી રહી છે. ધુવાવ બાયપાસથી ખીજડીયા બાયપાસને જોડતો ડામર રોડ બનવાથી ટ્રાફિકની સમસ્યાનો હલ આવશે. તેમજ બંને ગામના લોકોની સુવિધામાં વધારો થશે અને સમય પણ બચશે. અને વાહનચાલકોને પણ નવા રસ્તાનો લાભ મળશે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરચર, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણઝારીયા, જિલ્લા પંચાયતના સભ્ય નંદલાલભાઈ, તાલુકા સરપંચ કાનાભાઈ, અગ્રણીઓ તેમજ ગ્રામજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.



## ઔદ્યોગિક વિકાસથી ધમધમતા દરીયા કાંઠાના વિસ્તારમાં આવેલ

# રાજુલાના રામપરા-કોવાયા ગામ પાસે માર્ગ પર ધાતરવડી નદીના નવનિર્મિત પુલનુ ખાતમુહુર્ત કરાયું





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલા તાલુકાના રામપરા-૨ ગામ થી કોવાયા ગામ તરફ જવાના રસ્તા પર ધાતરવડી નદીનો પુલ અતિ બિસ્માર હાલતમાં હોવાથી લોકોને મોતના મુખમાંથી પસાર થવુ પડે તેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. આ ધાતરડી નદી પર અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ચોમાસા દરમિયાન પુલ પરથી પાણી વહેતુ રહેતુ હોય છે. અને પુલ બિસ્માર હાલતમાં હોવાથી લોકોને અવરજવર દરમિયાન મુશ્કેલીઓ વેઠવી પડતી હોય ત્યારે આજે રૂ ૬.૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત પુલનુ ખાતમુહર્ત કરવામા આવ્યું હતું.અને પુલ નવો બનવાની સાથે જ હવે લોકોને અવરજવર દરમિયાન મુશ્કેલીના પ્રશ્નો હલ થશે.આ ધાતરડી નદીના પુલનુ ખાતમુહર્ત થતાં સ્થાનિક લોકોમા આનંદની લાગણી છવાઇ હતી.આ તકે ધારાસભ્ય હીરાભાઇ સોલંકી,હરસુરભાઇ લાખણોત્રા,માર્કેટિંગ યાર્ડ ઉપપ્રમુખ અરજણભાઇ વાઘ, કોવાયા સરપંચ જીણાભાઇ લાખણોત્રા,બાબુભાઇ લાખણોત્રા,જીકારભાઈ વાઘ (યાદવ ટ્રાન્સપોર્ટ) તેમજ આગેવાનો સહિત ગ્રામજનોએ ઉપસ્થિત રહ્યાં હતાં.....

# મોરબીના MLA કાંતિભાઈ અમૃતિયાની રજૂઆતથી રૂ.૧૧.૮૫ કરોડના ખર્ચે ૧૨ રોડ રિસરફેસ કરવાની મંજૂરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી માળીયા વિધાનસભા વિસ્તારના સક્રિય ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજૂઆત અને પ્રયત્નો થકી મોરબી તથા માળીયા તાલુકાના ૧૨ જેટલા કામોને રૂ. ૧૧.૮૫ કરોડના ખર્ચે રી-સર્ફેસ કરવા માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જોબ નંબર ફાળવવામાં આવ્યા છે.

જેમાં ચકમપર-જેતપર રોડ, નેશનલ હાઇવે થી સોખડા એપ્રોચ રોડ, રવાપર નદી થી સાદુળકા રોડ, બેલા થી તળાવીયા શનાળા રોડ, ગુંગણનો એપ્રોચ રોડ, ભક્તિનગરનો એપ્રોચ રોડ, સ્ટેટ હાઇવેથી તરઘડી રોડ, નેશનલ હાઇવે થી કાજરડા રોડ, સ્ટેટ હાઇવે થી માણાબા રોડ, માણાબા-ચીખલી-સુલતાનપુર રોડ, નેશનલ હાઇવે થી હંજીયાસર એપ્રોચ રોડ જે લાખીયાસરને જોડે છે, નેશનલ હાઇવે થી માળીયા એપ્રોચ રોડ જેવા ૧૨ જેટલા રોડનો સમાવેશ થાય છે.



ધારાસભ્ય કાંતિભાઈની સક્રિયતાથી મોરબી શહેરમાં પણ સંખ્યાબંધ રોડ ઉપરાંત સમગ્ર વિસ્તારમાં શ્રેણીબદ્ધ વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. જે આમ જનતા માટે ખૂબ જ ઉપયોગી અને સુવિધાજનક થશે.

# જામનગર પાસે ગળાફાંસો ખાઇ પરિણીતાનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ઢંઢા ગામની સીમમાં પરપ્રાંતીય પરિણીતાએ ગળાફાંસો ખાઇને આપઘાત કરી લીધો છે, ફોનમાં કોની સાથે વાત કરે છે એવું પતિએ કહેતા આ વાતનું મનમાં લાગી આવવાથી પગલુ ભરી લીધુ હતું.મુળ એમ.પી.ના અલીરાજપુર જીલ્લાના ઘોઘસા ગામના વતની અને હાલ જામનગર તાબેના ઢંઢા ગામની સીમમાં કિશોરસિંહની વાડીએ રહેતા અને ખેતમજુરી કરતા શબરીબેન ભીકલા ભીંડે (ઉ.વ.૨૯) નામની પરિણીતાને તેના પતિએ તું કોઇ સાથે ફોનમાં વાત કરે છે તેવા સવાલો કરતા આ વાતનું તેણીને લાગી આવ્યુ હતું.



જેના કારણે પોતાની મેળે જાંબુના ઝાડ પર દુપટ્ટા વડે ગળાફાંસો ખાઇ લેતા મૃત્યુ નિપજ્યુ હતું. આ બનાવ અંગે ભીકલાભાઇ ગુજલાભાઇ ભીંડે દ્વારા પંચ-બી પોલીસમાં જાણ કરવામાં આવતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધુતારપુર ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરાયું

## આરોગ્ય કેન્દ્રની નવી બિલ્ડિંગનું રૂ.૪ કરોડના ખર્ચે ૧૫૯૩ ચોરસ મીટર વિસ્તારમાં બાંધકામ થશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલે જામનગર જિલ્લાના ધુતારપુર ગામે સ્વામીનારાયણ મંદિરની બાજુમાં સામુહિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરતા જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી આરોગ્યલક્ષી સુવિધા પ્રધાનમ જન આરોગ્ય યોજના ભારતમાં લાગુ છે. આયુષ્માન કાર્ડ થકી જરૂરિયાતમંદોને રૂ.૧૦ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. બે વર્ષ પહેલા જ કોરોનાએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો હતો ત્યારે ભારત દેશે ટુંકા ગાળામાં કોરોના રસી બનાવી વિનામૂલ્યે વેક્સિનેશનનું મહાઅભિયાન ચાલુ કર્યું એટલું જ નહીં વિશ્વના અન્ય દેશોમાં પણ ભારતની કોરોના વેક્સીન પહોંચી છે. કોરોનાના કપરા કાળમાં જામનગરની જીજી હોસ્પિટલ સહીત અન્ય દવાખાનાઓમાં પણ લોકોને સારવાર આપવામાં આવી હતી. કોરોના ક્ષેત્રે જામનગર જિલ્લાના ધુતારપુર આરોગ્ય કેન્દ્ર દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. આ સામુહિક આરોગ્ય કેન્દ્ર વર્ષ ૨૦૧૬માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માંથી અપગ્રેડ કરવામા આવ્યુ છે. અને લોકોની માંગ તેમજ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સામુહિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગના બાંધકામનું ખાતમુહૂર્ત થયું છે. જે નિર્માણ પામવાથી લોકોને અત્યાધુનિક સુવિધાઓનો લાભ મળી રહેશે. અગાઉ લોકોને સારવાર માટે દૂર સુધી ધક્કા ખાવા પડતા હતા. સગર્ભાઓને સમયસર સારવાર ન મળતા તેમના અને નવજાતના મૃત્યુદરમાં વધારો હતો. પરંતુ હવે તેઓને તાત્કાલિક સારવાર મળી રહેતા માતૃ મૃત્યુદર અટકાવી શકાયો છે. તેમજ જામનગર જિલ્લામાં ડાયાલિસિસ સેન્ટરની સુવિધા ઉભી થતાં દર્દીઓને અન્ય જિલ્લામાં જવું પડતું નથી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન થકી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ કાર્યરત ગુજરાત સરકારે લોકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપી આરોગ્યલક્ષી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. અને તેનો લાભ છેવાડાના માનવીને મળી રહ્યો છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને ગંભીર બીમારી થાય તો તેઓ વિનામૂલ્યે અત્યાધુનિક સારવાર મેળવી શકે છે. ધુતારપુરમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર થકી હજારો લોકોને લાભ મળ્યો છે. આ કેન્દ્રને રાજકોટ રિજિયનનું સૌથી પહેલું સામૂહિક આરોગ્ય કેન્દ્ર તરીકે બહુમાન મળ્યું છે. તે બદલ મંત્રીએ તમામ ડોક્ટરોને અને લોકોને સુભેચ્છાઓ પાઠવી હતી.કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમે ધુતારપુર તેમજ આજુબાજના ગ્રામજનોને સુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ લોકોને સારામાં સારી આરોગ્યની સુવિધાઓ મળી રહે તે પ્રકારે કામગીરી અને સારવાર કરવા ડોક્ટરોને માર્ગદર્શન આપ્યું હતું.

સામુહિક આરોગ્ય કેન્દ્રની વિશેષતાઓ.ધુતારપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર કુલ ૩૦ બેડની ક્ષમતા ધરાવે છે.આ કેન્દ્રમાં દર માસે ૨૫ થી વધુ ડિલીવરી કરવામાં આવે છે.

દરરોજ ૧૨૫ થી વધુ દર્દી ઓ.પી.ડી.ના અને ૮ થી ૧૦ દર્દીઓને આઇ.પી.ડી. સારવાર આપવામા આવે છે.ભારત સરકાર તરફથી આ સામુહિક આરોગ્ય કેન્દ્રને લક્ષ્ય નેશનલ લેવલ નો એર્વોડ તા.૧૪-૦૨-૨૦૨૨ના રોજ મળેલ છે. આ કેન્દ્રને રાજકોટ રીજીયનનુ સૌથી પહેલુ સામુહિક આરોગ્ય કેન્દ્ર તરીકેનું બહુમન મળેલ છે.અંહી દાંત સારવાર, ફિઝીઓથેરાપી સારવાર સહિતની સારવાર ઉપલબ્ધ રહેશે. ડિલીવરીના દર્દી ને રહેવા, જમવા ઘરે મુકવાની મફત સુવીધા પુરી પાડવામાં આવે છે.અંહી દરેક પ્રકારના બ્લડ રીપોર્ટ થશે તેમજ આ સેન્ટર ૨૪ કલાક કાર્યરત રહેશે.નવા નિર્માણ પામનાર બિલ્ડીંગ વિશે.અંદાજિત રૂ.૪કરોડના ખર્ચે પીએમ રૂમ સાથે બે માળનું સામુહિક આરોગ્ય કેન્દ્ર ૧૫૯૩ચો.મી. વિસ્તારમાં નિર્માણ પામશે.

કેન્દ્રમાં કુલ ૩૦ બેડ, રિસેપ્શન, ૩ જનરલ ઓપીડી રૂમ, એક્સરે રૂમ, સોનોગ્રાફી રૂમ, ઇંજેક્શન રૂમ, ડ્રેસિંગ રૂમ, લેબર રૂમ, સ્કબ રૂમ, લેબોરેટરી અને ટોઇલેટ બ્લોક સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે. પ્રથમ માળે ઓપરેશન થિયેટર, મેલ અને ફીમેલ વોર્ડ રૂમ, પોસ્ટ ઓપરેશન રૂમ, આઇસોલેશન રૂમ, સ્પેશિયલ અને સેમી સ્પેશિયલ રૂમની અદ્યતન સાધનો સાથેની સુવિધા ઉપલબ્ધ કરાશે.કાર્યક્રમમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા,તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન દુધાગરા,જીલ્લા પંચાયત સભ્ય ભરતભાઈ બોરસદિયા, તાલુકા ભાજપ પ્રમુખ મુકુંદભાઈ સભાયા,પ્રદેશ કારોબારી સદસ્ય ડૉ. વિનુભાઈ ભંડેરી, જિલ્લા ભાજપ મહામંત્રી કુમારપાળસિંહ રાણા, સીડીએચઓ ડો.એચ.એચ.ભાયા, પી.આઈ.યુ. જામનગરના બળદેવભાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.જિજ્ઞેશ પટેલ સહિત ડોક્ટરોનો સ્ટાફ, બી.ઓ.બી. રિજનલ મેનેજર ચંદનસિંહ, આજુબાજુના ગામના સરપંચઓ, અગ્રણીઓ તેમજ વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં ભાદરા મંદિરના સંત ધર્મકુવર સ્વામી, મોટી હવેલી જામનગરના.વલ્લભરાયજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આભારવિધિ ડો.નેહા કણસાગરા દ્વારા કરવામાં આવી હતી.





# ભાયાવદરમાં રોટરી કલબ દ્વારા ૧૩૧મો નિઃશુલ્ક નેત્રમણી નેત્ર નિદાન કેમ્પ યોજાયોઃ સેંકડો દર્દીઓએ લાભ લીધો







**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**ભાયાવદર:** ભાયાવદર શહેર માં રોટરી કલબ દ્વારા છેલ્લા ઘણા વર્ષો થી માનવજાત ની સેવા એજ પ્રભુ સેવા ના સાર્થક સાથે અનેક વિધી સેવા કાર્ય કરવામાં આવે છે તેમા શિયાળાના સમય માં ગરમ આરયુવેદિક ઉકાળા શહેર ની જનતા ને વિનામૂલ્યે વિતરણ કરવુ ઉનાળા દરમિયાન ઠંડી છાસ નુ વિતરણ તેમજ દાત ના કેમ્પ કરી ને જરૂરિયાત દર્દી ને અધયતન મશીન દ્વારા લાયકાત ડોક્ટર દ્વારા તપાસ કરી ને મફત સારવાર આપવામાં આવે છે અને ભાયાવદર શહેર સહીત આસપાસ ના ત્રીસ ગામ ના લોકો માટે મફત આંખોના કેમ્પ કરી ને ચશ્મા દવા તેમજ ઓપરેશન વારા દર્દી ને ભાયાવદર થી વિરનગર હોસ્પિટલ માં ફ્રમફતમાં ઓપરેશન કરી આપવામાં આવે છે આજે આ રોટરી કલબ દ્વારા ભાયાવદર શહેર માં ૧૩૧ મો નેત્રમણી નિદાન કેમ્પ નુ આયોજન કરેલ છે આ કેમ્પ માં ભાયાવદર સહીત આસપાસ ના ગામડાઓ ઓના ટોટલ ૧૫૮ દર્દી ને તપાસવામાં આવેલ હતા તેમાંથી ૧૪ દર્દી ઓપરેશન ની જરૂરિયાત જણાતા તેમને વિરનગર ખાતે ઓપરેશન માટે વિનામૂલ્યે લઈ જવામા આવેલ છે આ સંસ્થા તરફ થી દરેક આવેલા દર્દી ને ચા તથા નાસ્તા ની પણ વિનામૂલ્યે આપવામાં આવે છે આ કેમ્પ ના આજના દાતા ડો જીવરાજભાઇ દલસાણીયા (યુ એસ એ) હતા આ રોટરી કલબ ભાયાવદર ના કેમ્પ નુ દિપ પ્રાગટ્ય કરીને નગર પાલીકા ભાયાવદર ના પુર્વ પ્રમુખ નયનભાઇ જીવાણી પાંજરાપોળ ના ઉપપ્રમુખ વલ્લભભાઈ લાલાણી મદનમોહન લાલ હવેલી ના પ્રમુખ અમુભાઇ ફળદુ રોટરી કલબ ના સેકેટરી રજનીસાહેબ મહેતા તેમજ સથવારા સમાજ ના પ્રમુખ રમણીકભાઇ પરમાર દિનેશ સાહેબ માકડીયા એ કરેલ હતુ ભાયાવદર શહેર માં ઘણા વર્ષો થી આ રોટરી કલબ માનવ સેવાના કાર્ય કરે છે આ સંસ્થા માં ભાયાવદર શહેર ના વેપારી તેવા દિલીપભાઈ ભાટીયા પ્રમુખ તરીકે સેવા આપે છે તેમજ સેકેટરી તરીકે રજનીકાંત મહેતા જેઓ નિવૃત્ત ટીચર છે આ કેમ્પ ના પ્રોજેક્ટ ચેરમેન દિનેશભાઇ માકડીયા છે તેઓ પણ નિવૃત્ત ટીચર છે તેમજ ભાયાવદર શહેર ના વેપારી ઇશ્વરભાઇ વિરચંદભાઇ શાહ પ્રમુખ જૈનસંઘ ભાયાવદર સયોજક તરીખે કાનતીભાઇ જાવિયા પુર્વ પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ શૈલેષભાઇ દલસાણીયા સહયોગ શિવાનંદ મિશન મોબાઇલ યુનિટ વિરનગર છે આ કેમ્પ નુ સંચાલન રોટરી કલબ ના સેકટરી રજનીકાંત મહેતા સાહેબે કરેલ હતુ ભાયાવદર સહેર સહીત આસપાસ ના ત્રીસ ગામ ની જનતા આ સંસ્થા ના પ્રમુખ તથા સભ્ય ઓના આ સેવા કાર્ય ની ખુબ પરસંસા કરીને શુભેકક્ષા આપે છે આ મોધવારી ના સમય મા ગરીબ દર્દી ઓને તદન ફી માં ઓપરેશન તથા ચશ્મા દવા આપી ને પુણ્ય નુ કામ કરનાર સંસ્થા ના દરેક ભાઇઓ ને અભિનંદન ની વર્ષા કરવામા આવે છે

# 'દેશ આખો રામમય બન્યો છે ત્યારે 'સનાતનનો જયઘોષ' પુસ્તક ભક્તિ ભાવને વધુ તેજોમય બનાવશે''

## લેખિકા કવયિત્રી બીનાબેન પટેલની ભક્તિ સભર કોફી ટેબલ બુક 'સનાતનનો જયઘોષ'ના વિમોચન પ્રસંગે મહાનુભાવોએ આપી શુભેચ્છા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ - ૧૮/૧/૨૦૨૪ ગુરુવારના રોજ સાંજે સદવિચાર પરિવાર ખાતે આવેલા હોલમાં આધ્યાત્મિક વિચારસરણી ધરાવનાર એવા લેખિકા અને કવયિત્રી બીનાબહેન પટેલના દળદાર કોફીટેબલ બુક પ સનાતનનો જયઘોષ પ નું વિમોચન ખુબ સુંદર રીતે સંપન્ન થયું .

પ્રજ્ઞાચક્ષુ બાળાઓના સ્વરમાં શ્રી ગણપતિ વંદના અને દીપ પ્રજ્જ્વલિત સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી.

શ્રી રામના જયઘોષ સાથે આખું વાતાવરણ ભક્તિમય બની ગયું . આ પવિત્ર અને પાવન અવસરે વરિષ્ઠ સાહિત્યકાર પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા ,રાજ્યસભાના સાંસદ માનનીય શ્રી નરહરિભાઈ અમીન ,મીરામ્બિકા હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અને પ્રતિભાવાન વ્યક્તિત્વ ધરાવનાર જીગીશાબહેન પટેલ અને અંધજન મંડળના પૂર્વ પ્રીન્સિપાલ અને આદરણીય એવા જસુભાઈ કવિએ મંચ શોભાવ્યું .સૌ






મહાનુભાવોએ પ્રભુશ્રી રામ અને અયોધ્યા સ્થિત નવનિર્મિત રામમંદિર વિષે ખુબ સુંદર વ્યક્તવ્ય આપ્યું .પદ્મશ્રી વિષ્ણુભાઇએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે આપણી આવનારી પેઢી ભારતીય સંસ્કૃતિથી દૂર જવા લાગી છે ત્યારે , આવા પુસ્તકો તેમને સંસ્કૃતિ સાથે સાચો પરિચય કરાવે છે. તેઓએ શ્રી રામમંદિરના ઇતિહાસ વિષે પણ ઉંડાણપૂર્વક જણાવ્યું .તેઓએ લેખિકા બીનાબહેનને આ પુસ્તક માટે દિલથી શુભકામનાઓ આપી.રાજ્યસભાના સાંસદ નરહરિભાઈ અમીનને પોતાના જુસ્સાદાર વક્તવ્યમાં જણાવ્યું કે શ્રી રામમંદિર બનાવવા માટે આપણા આદરણીય અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખુબ પરિશ્રમ કર્યો છે . હિન્દુઓના આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામલલ્લાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા સુંદર વેળા એ લેખિકાએ સુંદર પુસ્તક સમાજને આપ્યું છે . રામભક્તોથી ખીચોખીચ ભરેલા હોલમાં 'સનાતનનો જયઘોષ' પુસ્તકના લોકાર્પણ બાદ લેખિકા બીનાબહેને પોતાના મનની વાત કહેતાં જણાવ્યું કે , તેઓએ આ પુસ્તકમાં પ્રભુ શ્રી રામ અને શ્રી રામમંદિર વિષે સરળ અને સાહજિક ભાષામાં સમગ્ર માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.આજની યુવા પેઢી આ પુસ્તકમાંથી ઘણું બધું જાણી શકશે.પ્રભુ રામના જીવન ચરિત્ર વિષે દરેક પ્રસંગનું વર્ણન કરીને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને સમાજના દરેક સ્તર સુધી પહોંચાડવાની તેઓએ કોશિશ કરી છે.

# ફ્લિપકાર્ડ સાથે ડીલીવરીબોયે કરી ઠગાઈઃ મોંઘા એરપોડ મગાવી સસ્તા એરપોડ પરત કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફ્લિપકાર્ટના પ્રોડક્ટની ડીલેવરીનો કોન્ટ્રાક્ટ સાંભળતી ઇન્સ્ટાકાર્ટ કંપનીમાં ડિલિવરી બોય તરીકે નોકરી કરતા શખસે ફ્લિપકાર્ટમાંથી તેની પત્નીના નામે આઈફોનના રૂપિયા ૨૪ હજારના એરપોડ મંગાવી તેનું રિટર્ન જનરેટ કરી કંપનીને બીજી અન્ય બ્રાન્ડના સસ્તા એરપોડ પધરાવી છેતરપિંડી કરતા પ્ર.નગર પોલીસ ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ વિગતો મુજબ માધાપર ચોકડી પર રહેતા અને ફ્લિપકાર્ટના પ્રોડક્ટની ડીલેવરીનો કોન્ટ્રાક્ટ સંભાળતા ઇન્સ્ટાકાર્ટ કંપનીના મેનેજર સદાસિવા સુનાકર પ્રદાન દ્વારા નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં તેના કંપનીમાં ડિલેવરીબોય તરીકે નોકરી કરતા હિતેશ રાઠોડનું નામ આપ્યું હતું. જેમાં તેને જણાવ્યું હતું કે, તેઓને તા.૨૦/૧૨ ના રોજ ઓફિસ પર કામ પર હતા ત્યારે તેમને કંપનીમાંથી જાણ થઈ હતી કે કોઈ કસ્ટમરે

આઈફોનના રૂ.૨૫ હજારના એરપોડ મુંગાવી તેના રિટર્ન માં અન્ય બ્રાનડના સસ્તા એરપોડ કંપનીને ધરવી દીધા હતા જેથી તેમના દ્વારા ચેકિંગ કરાતા આ કારસ્તાન પાછળ ડીલેવરી બોય હિતેશ રાઠોડની ખૂલતા તેની પૂછપરછ કરતા તેને કબૂલાત આપી હતી કે, તેના પત્નીના નામે ઓર્ડર કરી તેને રિટર્ન કર્યો હતો.જેથી હિતેશે કંપનીને રૂ.૨૫ હજાર ભરપાઈ ન કરતા પોલીસમાં ગુનો નોંધાયો છે.

# રાજકોટ જિલ્લા આઇ.સી.ડી.એસ.માં આઉટસોર્સિંગ કર્મચારીનું શોષણ ? પી.એસ.ઈ. ઈન્સ્ટ્રક્ચર લાંબા સમયથી પગાર વિહોણા!

## ''પા પા પગલી''ના આઉટસોર્સિંગ કર્મચારીઓ ની વેદના જવાબદાર અધિકારીઓ સાંભળશે?

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** રાજકોટ જિલ્લા મા આઇ.સી.ડી.એસ મા તમામ તાલુકા ઓ પી એસ ઈ ઇન્સ્ટ્રક્ચર પા પા પગલી ના આશરે ૧૨ કર્મચારીઓ તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ એક આઉટસોર્સિંગ કર્મચારીઓ પાપા પગલી પ્રોજેક્ટ હેઠળ આઉટસોર્સિંગ એજન્સી મારફત કામ કરી રહ્યા છે.

આઉટસોર્સિંગ પી એસ ઈ ઇન્સ્ટ્રક્ચર ના છેલ્લા ઘણા સમયથી પગાર થયા નથી આવા સમયે ઘર કેમ ચલાવવુ એ મુશ્કેલ બની ગયું છે. તારીખ ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ની સૂચના થી હિસાબી અધિકારી દ્વારા એક પરિપત્ર જાહેર જિલ્લા પંચાયત ની તમામ શાખામાં થઈ આવેલ છે કે આઉટસોર્સિંગ એજન્સી મારફત કામ કરતા કર્મચારીઓ ના મહેનતાણા સમયસર પાંચ તારીખ સુધી મા થવા જોઈએ છતા જાણે આઇ.સી.ડી.એસ ને કોઈ નિયમ કે પરિપત્ર લાગુ નહીં પડતો હોય ?

જાણવા મળતી વિગતો મુજબ કે પ્રોગ્રામ ઓફિસર ને કોઈ આઉટસોર્સિંગ કર્મચારીઓ પોતાના પગારની માટે પૂછવાની હિંમત કરી શકતા નથી અને કોઈ કરે તો સરખા જવાબ મળતા નથી.

રાજકોટ જિલ્લા આઇ.સી.ડી.એસ મા અંતર્ગત પી એસ ઈ ઇન્સ્ટ્રક્ચર કલાકે એસ એ બ્લોક કો ઓર્ડીનેટર તમામ આઉટસોર્સિંગ સટાફ ના પગાર સમયસર થતા નથી જે જવાબદાર અધિકારીઓ જાણતા હોવા છતા આઉટસોર્સિંગ એજન્સી પાસે લાચાર બની ગયા છે?

# મોરબીની માણેકવાડા શાળાના ૧30 વર્ષ પૂર્ણ થતાં દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને અપાઈ ભેટ

## માણેકવાડા શાળાના સ્થાપના દિન નિમિત્તે બાળકોને બુટ-મોજાં-રાઈટિંગ પેડ અર્પણ કરાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પંથકના લોકો શાળાને વિદ્યાનું મંદિર,વિદ્યાનું ધામ માને છે અને શાળામાં અભ્યાસ કરતા ભૂલકાઓને બાલ દેવો ભવ:ની ભાવનાથી જોતા હોય છે.અને બાળકો માટે,શાળા માટે કંઈકને કંઈક વસ્તુઓ ભેટ કરીને પોત પોતાની ભાવના વ્યક્ત કરતા હોય છે ત્યારે મહાદેવબાપા ચનિયારા હાલ મોરબી દ્વારા માણેકવાડા શાળામાં અભ્યાસ કરતા ૧૫૦ જેટલા બાળકોને શિયાળાની ઠંડીમાં પગની રક્ષા માટે બુટ અને મોજા વિતરણ કરવામાં આવ્યા તેમજ આ પ્રસંગે જીગ્નેશભાઈ છત્રોલા છ્યજ્ઞહફ્ઢ્ય લેમીનેટ કંપની દ્વારા દરેક બાળકોને લખવામાં ઉપયોગી પેડ અર્પણ કરી શાળાના ૧30 માં સ્થાપના દિનની શુભેચ્છા પાઠવી હતી. આ તકે શાળા પરિવાર દાતાઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શહેરની સમર્પણ હોસ્પિટલમાં ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા સમર્પણ હોસ્પિટલ ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ બ્લડ ડોનેશન કેમ્પ તો દરેક જગ્યાએ થતા જ હોય છે પરંતુ આજનો આ બ્લડ ડોનેશનમાં ત્રિવેણી સંગમ જેવો માહોલ જોવા મળ્યો હતો આ કેમ્પમાં ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ પીપાવાવ,પોલીસ સ્ટેશન રાજુલા અને, સમર્પણ હોસ્પિટલ આ ત્રણેયના સહયોગથી આ બ્લડ કેમ્પનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવેલ જેમા કુલ ૭૫ બોટલ બ્લડની



એકત્રિત થવા પામેલ આ કાર્યમાં નવકાર બ્લડ બેન્ક મહુવા દ્વારા પોતાની વિશેષ સેવા આપવામાં આવેલી ત્યારે મહત્વની બાબતે કે સમર્પણ હોસ્પિટલને એક વર્ષ પૂરું થતાં આ આયોજન કરવામાં આવેલ ત્યારે પોલીસ કર્મી માટે સુરક્ષા સેતુ કાર્યકમ અંતર્ગત તેમજ કોસ્ટ ગાર્ડ દ્વારા કોસ્ટગાર્ડ વીક ચાલી રહ્યું હોય ત્યારે આ ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો અને આ કાર્યક્રમમાં કોસ્ટ ગાર્ડના સ્ટાફ દ્વારા તેમજ પોલીસના સ્ટાફ દ્વારા તેમજ આ હોસ્પિટલના તમામ ડોક્ટરો દ્વારા અને હોસ્પિટલમાં આવનાર દર્દીઓના સગાઓ દ્વારા પણ આ કાર્યમાં બ્લડ આપીને સહયોગ આપેલો આ કાર્યક્રમમાં ડોક્ટર જયંતીભાઈ કાતરીયા અને તેમની ટીમ તેમજ કોસ્ટ ગાર્ડની ટીમના મુખ્ય અધિકારી રાકેશકુમાર તેમજ રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ ગીડા અને તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવેલ હતું.

# કાલાવડ-જામનગર રોડ પર ખઢેરા ગામ પાસે બાઈક સ્લીપ થતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર- કાલાવડ ધોરી માર્ગ પર ખંઢેરા ગામ નજીક ડબલ સવારી બાઈક સ્લીપ થઈને વાડીના કાંટાળી તારના સિમેન્ટના પોલ સાથે ટકરાઈ ગયું હતું, અને બાઈક ચાલક પર પ્રાંતિય શ્રમિક યુવાનને ગંભીર ઈજા થતાં બનાવના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અન્ય એક યુવક ઘાયલ થયો છે.

મધ્યપ્રદેશના વતની અને હાલ કાલાવડ તાલુકાના ગોલણીયા માં રહેતા અને માછીમારી કરતો દેવેન્દ્ર વશીષ્ઠભાઈ સહાની નામના ૪૦ વર્ષનો શ્રમિક યુવાન પોતાના અન્ય સાથીદાર મુકેશ ફૂલકેસરભાઈ માજીને બાઈક માં પાછળ બેસાડીને જામનગર કાલાવડ ધોરી માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ખંઢેરા ગામ નજીક એકાએક બાઈક સ્લીપ થઈને એક વાડી ની કાંટાળી તારના સિમેન્ટના પોલ સાથે ટકરાઈ ગયું હતું. જેમાં બાઈક ચાલક દેવેન્દ્ર સહાનીને માથા સહિતના શરીરના ભાગોમાં ગંભીર ઈજા થવાથી બેશુદ્ધ બન્યો હતો અને તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઉપરાંત બાઈકની પાછળ બેઠેલા મુકેશ માજીને પણ ઈજા થઈ હોવાથી સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે કાલાવડ ગામના પોલીસને જાણ કરાતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વી.જે. જાદવ ઘટના સ્થળે દોડી ગયા હતા અને બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# સરસ્વતીનગરમાં નશાખોર પતિએ પત્નીને આપી મારી નાંખવાની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાધે હોટલ પાસે સરસ્વતી નગરમાં રહેતી પરિણીતાને તેનો પતી દારૂ ઢીંચી ઘરે આવી તેણી સાથે ઝગડો કરી મારી નાખવાની ધમકી આપતા મહિલા પોલીસમાં ગુનો નોંધાયો છે સરસ્વતી નગરમાં રહેતી અને પાંચ વર્ષ પૂર્વે પ્રેમ લગ્ન કરનાર વનીતાબેન સુરેશભાઈ પરમારે પોતાની ફરિયાદમાં આરોપીમાં તેના પતિ સુરેશ બીજલ પરમારનું નામ આપ્યું હતુ જેમાં તેને જણાવ્યું હતુ કે, તેણીના લગ્નના એક માસ બાદ તેનો પતિ દારૂ અને અફીણ ને નશો કરી ઘરે આવતો હતો અને તેણી સાથે મારકૂટ કરતો હતો.બાદ બંને વચ્ચે અનેકવાર ઝઘડો થતો હોવાથી પરિવાર વચ્ચે સમાધાન કરી સાથે રહેવા લાગતા હતા.જ્યારે તા.૧૯/૧૨ ના રોજ બંને વચ્ચે ઝગડો થયો હતો.જેમાં પરણીતા પોતાના માવતરે જતી રહી હતી જેમાં તેનો પતિ દારૂ ઢીંચીને પરીણીતાના ઘરે આવી ગયો હતો અને તેને મારી નાખવાની ધમકી આપી પાંચ વર્ષના પુત્રને સાથે લઈ ગયો હતો જેથી મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાર્યવાહી કરી છે.

# 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' હેઠળ રાજકોટ જિલ્લાના ઉમરાળા અને હોડથલી ગામમાં લોકકલ્યાણકારી યોજનાઓના લાભો વિતરિત કરાયા

## આરોગ્ય ચકાસણી સાથે સ્થળ પરથી જ કિસાન ક્રેડિટ કાર્ડ અને આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઉમરાળા અને હોડથલી ગામના લોકોને વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓના ઘર આંગણે લાભ આપવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ આવી પહોંચતા લોકો દ્વારા તેનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતુ સાથે વિવિધ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ, આયુષ્માન કાર્ડ, પી.એમ.ઉજજવલા સહિત અન્ય યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે આરોગ્ય કેમ્પ યોજાયો હતો જેમાં ગ્રામજનોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, જ્યાં ટી.બી અને સિકલ સેલ એનિમિયાની તપાસ પણ કરવામાં આવી હતી તથા સ્થળ પરથી જ લોકોને આયુષ્માન કાર્ડ અને કિસાન ક્રેડિટ કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા.સરકારશ્રીની આયુષ્માન ભારત યોજનાનો લાભ મેળવનાર લાભાર્થી પૂજાબેન ગોંડલીયા તથા કિસાન ક્રેડિટ કાર્ડના લાભાર્થી રથુભાઈ ચાવડાએ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજનાથી થયેલા લાભ અંગે પોતાની કહાની રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં ડ્રોન પ્રદર્શન યોજાયું હતું.

મહત્વનું છે કે, આ બંને ગામોમાં ૧00 ટકા આયુષ્માન કાર્ડ નીકળ્યા છે તેમજ ગામ પંચાયતમાં જલજીવન મિશન, જનધન યોજના ૧00 ટકા પૂર્ણ થઈ છે. તદુપરાંત ઓડીએફ+ એટલે કે હર ઘર શૌચાલયથી સજજ છે તેમજ હર ઘર જલ મિશનની ૧00% કામગીરી બદલ અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે લોકોએ દેશની એકતા, અખંડિતતા અને પ્રભુતા જાળવી રાખવા સાથે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમમાં સરપંચશ્રી, તલાટી કમ મંત્રી, ગામના અગ્રણીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'વિકસિત ગ્રામ'ની વિભાવનાને ચરિતાર્થ કરતું રાજકોટ જિલ્લાનું વડાળી ગામ

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડાળીના ૨૮૭ જેટલા પરિવારોને મળ્યું ''ઘરનું ઘર'': રાજકોટ જિલ્લાના ૫૧૮ પરિવારોને મળ્યો પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

**આલેખનઃ ડો. દિવ્યા ત્રિવેદી**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સુવર્ણ સ્વપનને સાકાર કરવા હાલ ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' ગામેગામ પહોંચી ઘર આંગણે લોકોને વિવિધ યોજનાઓના લાભ આપી રહી છે ત્યારે પ્રધાનમંત્રીશ્રીના સ્વપન સમા વિકસિત ભારતમાં વિકસિત ગ્રામ કેવું હોય, તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરતા રાજકોટ જિલ્લાના વડાળી ગામનો વિકાસ ઉડીને આંખે વળગે તેવો છે.

ગામના મુખ્ય રસ્તા પરથી પસાર થતાં જ બંને તરફ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મેળવેલ પરિવારોના સુંદર પાકા મકાનો કોઈને પણ જોતા જ ગમી જાય તેવા છે. ૨૩00 થી વધુની વસ્તી ધરાવતા આ ગામના અંદાજે ૨૮૭ જેટલા પરિવારોના ૧૫00થી વધુ લોકોને સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપ્યો છે. આ યોજના અંતર્ગત પોતાને મળેલ લાભ અંગે ગામના સામાજિક કાર્યકર શ્રી ચંદુભાઈ મુછડીયા કહે છે કે, અમારા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો અનેક પરિવારોએ લાભ લીધો છે. ૨૮૭ જેટલા પરિવારોએ ફોર્મ ભર્યા હતા,જેમાંથી ૨૫0 જેટલા મકાનોના કામ પૂર્ણ થઈ ચૂક્યાં છે જ્યારે અન્યનું કામ પ્રગતિમાં છે.

મારા પિતા ગોરધનભાઈ મુછડીયાને વર્ષો પહેલા સરકારની જ ઘરથાળની જમીન માટેની યોજનાનો લાભ મળ્યો હતો. જે યોજના હેઠળ અમને પ્લોટ મળ્યો તેમાં અમે કાચું મકાન બાંધી રહેતા હતા, પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અમને ૩(ત્રણ)લાખ જેટલી સહાય મળી જેના થકી અમે આ પ્લોટ પર પાકુ બાંધકામ કર્યું. સરકારના નીતિ નિયમો મુજબ ભૂકંપ પ્રતિરોધક કોલમ-બીમ સહિતનું આ પાકું મકાન અમે બનાવ્યું છે. જેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સહાય અમને મળી છે. આ યોજનાના લાભ થકી અમને ''ઘરનું ઘર'' મળ્યું છે જે માટે અમે પ્રધાનમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીના આભારી છીએ.

પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા લોકોને પોતાના ઘરનું ઘર મળી રહે તે માટે ૧00 ચો.મી. ઘરથાળના પ્લોટથી લઇ બાંધકામ માટે પણ સંપૂર્ણ સહાય આપી એક પણ વ્યક્તિ પોતાના ઘર વિના ન રહે, છેવાડાના માનવી સુધી પણ યોજનાનો લાભ મળે તે માટે રાજકોટ જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને મકાનના પાયાના બાંધકામ બાદ સહાયનો પ્રથમ હપ્તો, મકાનમાં સ્લેબ ભર્યા બાદ બીજો હપ્તો અને સંપૂર્ણ મકાન તૈયાર થતા સહાયનો ત્રીજો અને આખરી હપ્તો તેના ખાતામાં જ ડી.બી.ટી. મારફતે જમા કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૧૮ આવાસ મંજુર કરવામાં આવ્યા છે, તે પૈકી ૫૧૮ લાભાર્થીઓને સરકાર દ્વારા પ્રથમ હપ્તો, ૪૧૪ લાભાર્થીઓને બીજો હપ્તો અને ૩૨૫ લાભાર્થીઓના આવાસ પુર્ણ થતાં ત્રીજો હપ્તાની સહાય ખાતામાં જમા કરવામાં આવી છે.

વડાળી ગામમાં બાળકોના શિક્ષણ માટે અતિ આધુનિક મોડેલ સ્કૂલ પણ ઉપલબ્ધ છે, સાથે જ સરકારની હર ઘર જલ- નલ સે જલ ની યોજના અંતર્ગત ઘરે-ઘરે નળ કનેક્શન પણ આપવામાં આવ્યા છે. પાકા રસ્તા, સુવિધા સંપન્ન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, ઘરે ઘરે ઉજ્જવલા યોજના થકી ગેસના ચૂલા, વીજળીની સુવિધા સાથે આ ગામ એ વિકસિત ભારતના વિકસિત ગ્રામની સંકલ્પના સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે.

# જામનગરના ખીમરાણા ગામે રૂ.3.30 કરોડના ખર્ચે નવનિર્મિત પુલનું મંત્રી રાઘવજી પટેલના હસ્તે લોકાર્પણ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મા રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના ખીમરાણા ગામે રૂપારેલ નદી ઉપર નવનિર્મિત મેજરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.૩.૩0કરોડના ખર્ચે ૧૨ મીટરના ૭ ગાળાનો મેજરબ્રીજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યો છે.આ તકે કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોને મદદરૂપ થવા માટે સરકાર મક્કમતાથી કામગીરી કરી રહી છે. ચોમાસાના સમય દરમિયાન નદીનું પાણી ગામમાં આવી જતા ગ્રામજનોને મુશ્કેલીઓ થતી હતી તેનો અંત આવ્યો છે. ગામડાના



લોકોની સુવિધાઓમાં વધારો કરવા સરકાર અવિરત કામગીરી કરી રહી છે. સરકારની ખેડૂતો માટે અતિ મહત્વની એવી સૌની યોજના થકી ખીમરાણા સહિત સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદા નદીનું પાણી ઠાલવવામાં આવે છે જેના થકી ખેડૂતભાઈઓ બે સિઝનનો લાભ લઇ શકે છે અને તેમની આવકમાં વધારો થતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપન સાકાર થઈ રહ્યું છે. ખિમરાણા ગામે મેજર બ્રિજ નિર્માણ પામતાં આજુબાજુના લોકોને પણ પુરતા પ્રમાણમાં લાભ મળી રહે છે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરચર, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા પંચાયતના સભ્ય નંદલાલભાઈ, તાલુકા પંચાયતના સભ્ય કાંતિભાઈ, અગ્રણીઓ તેમજ ગ્રામજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

# દરિયાઈ માર્ગે ચાલતી દારૂની હેરાફેરી ગીર સોમનાથ એલસીબીએ ઝડપી લીધી

## પોલીસે અધ્યતન બોટ મંગાવી પ્રથમ વખત ઓપરેશન પાર પાડયું: રૂા.૭.૬૨ લાખના દારૂ-બિયરના જથ્થા સાથે ત્રણની ધરપકડ

**મુખ્ય સમાચાર, ગીર સોમનાથ**

પ્રથમ વખત દરિયાઈ માર્ગેથી થતી દારૂની હેરફેર ઝડપી પાડી હતી. બુટલેગરો દ્વારા નવો કિમીયો અપનાવી દીવથી બોટમાં દારૂ ભરી જાફરાબાદ લઈ જવાતો હતો ત્યારે જ પોલીસે બાતમીનાં આધારે આ દારૂને દરિયામાંથી ૧૪૮ પેટી દારૂ સહિત કુલ ૭.૬૧ લાખનાં મુદ્દામાલ સાથે ત્રણેયને ઝડપી પાડયા હતા. પોલીસે આ ત્રણેય આરોપીને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.



ગીર સોમનાથ એલસીબી પો. સ્ટાફને પેટ્રોલીંગ દરમિયા મળેલ બાતમીના આધારે દિવમાંથી જાફરાબાદ તરફ બોટ દ્વારા દરીયાઈ માર્ગે વિદેશી દારૂનો જથ્થો હેરફેર કરતા હોવાની માહીતી મળી હતી. જેના આધારે નવાબંદર દીવાદાંડી પાછળ ત્રણ નોટીકલ માઇલ દરિયાઈ સીમામાંથી ઈસ્માઈલ અબ્દુલ્લા પટેલીયા રહે.મુળ ધામળેજ,હાલ નવાબંદર, મયુર લક્ષ્મીચંદ કાપડીયા રહે.નવાબંદર,ભરત લાખાભાઈ સોલંકી રહે.નવાબંદર તા.ઉનાને વિદેશી દારૂ પેટી નંગ-૧૨૮ જેમાં બોટલ નંગ-૫૧૬૪ કી.રૂ.૪,૬૨,૩૦૦/,બિયર પેટી નંગ-૨૦ જેમાં ટીન નંગ-૪૮૯ કી.રૂ.૪૮,૯૦૦/-,હોડી કી.રૂ. ૨,૫૦,૦૦૦/, મોબાઇલ નંગ-૦૧ કી.રૂ. ૫૦૦/ કુલ કી.રૂ. ૭,૬૧,૭૦૦/ મુદ્દામાલ સાથે પકડી પાડી નવાબંદર મરીન પો.સ્ટે. પ્રોહી એક્ટ કલમ ૬૫ઈ, મુજબ ગુન્હો રજીસ્ટરકરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.આ ઉપરાંત બીજા આરોપી મહેશ ઉર્ફે મુન્નો લાખાભાઈ રાઠોડ, રહે, ખત્રીવાડા, તા.ઉના ને ઝડપવા પોલીસ એ કવાયતહાથ ધરી છે. ઝડપાયેલા ત્રણેય આરોપીઓને પોલીસે કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

# સિવિલમાં તબીબોની ઘોર બેદરકારીઃ દર્દીને 'ઓ' પોઝીટીવ લોહીના બદલે 'બી' પોઝીટીવ લોહી ચડાવી દીધું

## દર્દીની હાલત બગડતા પરિવારજનોનો ગંભીર આક્ષેપઃ કમીટી બનાવી તપાસ કરવા અંગે તબીબી અધિક્ષકે ખાત્રી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવીલ હોસ્પિટલમાં ટ્રોમાં સેન્ટરમાં રાજકોટના પ્રોઢનું ઓપરેશન કરાયા બાદ તેને ) પોઝીટીવને બદલે ઇ પોઝીટીવ લોહી ચડાવી દેતા દર્દીની હાલત ગંભીર થઈ જતાં તાબડતોબ લોહીની બોટલ ઉતારી લેવામાં આવી હતી. તબીબી બેદરકારીની ખબર પરીવારજનોને થઈ જતાં તબીબો સામે ગંભીર આક્ષેપ કર્યા હતા.



આ અંગેની મળતી માહિતી મુજબ ટ્રોમાં સેન્ટરના ત્રીજા માળે આજથી પાંચ દિવસ પહેલા બાઈક સ્લીપ થતાં દિનેશભાઈ રમણીકભાઈ ગોંધિયા (ઉ.વ.૬૨)ને સાથળના ભાગે ફેક્ચર થતાં સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન આજે સિવીલ હોસ્પિટલના તબીબ દ્વારા ઓપરેશન કરવામાં આવ્યા બાદ દર્દી દિનેશભાઈનું ઘ પોઝીટીવ લોહીની બે બોટલ પરીવારજનો પાસેથી મંગાવી હતી.આથી પરીવારજનોએ નીચે બ્લડ બેંકમાંથી બે બોટલ લોહી તબીબને આપ્યું હતું. આ દરમિયાન ટ્રોમા સેન્ટરમાં અન્ય દર્દીની પણ સારવાર ચાલુ હતી ત્યારે અન્ય દર્દીનું ઇ પોઝીટીવ લોહી દિનેશભાઈને ચડાવી દેતા દિનેશભાઈની તબીયત કથડી ગઈ હતી અને તેઓને તુરંત વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યા હતા. દરમિયાન બીજા દર્દીનું લોહી દિનેશભાઈને ચડાવ્યું હોવાની ખબર પરિવારજનોને થઈ જતાં હોસ્પિટલના તબીબ સાથે વાતચીત કરતા રિએકશન આવ્યું હોવાનું જણાવ્યું હતું. દિનેશભાઈની તબીયત અંગે તબીબ દ્વારા ગોળ ગોળ જવાબ આપતા હતા. આ દરમિયાન દિનેશભાઈના રીપોર્ટ હાથમાં આવતા તબીબોની બેદરકારીનો ભાંડાફોડ થયો હતો.

દર્દીના પિતરાઈ ભાઈ હસમુખભાઈએ આરોપ મુક્તા કહ્યું હતું કે, દર્દીની સારવાર કોણ કરે છે તેનો કોઈ જવાબ જ આપતા નથી, ડોક્ટરના કહેવા મુજબનુ લોહી અમે આપ્યું હતું અને હોસ્પિટલના તબીબોએ જોયા વગર બીજા દર્દીનું લોહી ચડાવી દેતા દર્દીને રિએકશન આવ્યુંછે. આથી તબીબોની આવી બેદરકારી સામે પોલીસ ફરિયાદ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# માર્ગ સલામતી માસના ભાગરૂપે સુઝુકી શો રૂમ ખાતે ટ્રાફીક અવેરનેસ કાર્યક્રમ યોજાયો



**રાજકોટ શહેર પોલીસ દ્વારા માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ કમીશનર રાજુ ભાર્ગવ ના માર્ગદર્શન હેઠળ ટ્રાફીક શાખાના અધિકારીઓ અને પોલીસ દ્વારા શહેરમાં અલગ-અલગ શાળા કોલેજો તથા ઓટોમોબાઈલ છેત્રે વ્યવસાય કરતા લોકોમાં ટ્રાફીક અંગે જાગૃતતા આવે તે માટે કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જેના પગલે ટ્રાફીક પોલીસ દ્વારા માર્ગ સલામતી માસના ભાગરૂપે કટારીયા ચોકડી પાસે આવેલ સુઝુકીના શો રૂમ ખાતે ટ્રાફીક અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ચાલીસ જેટલા મીકેનીક તથા કાર ચાલકો હાજર રહયા હતા. તેમજ પોલીસ કોમ્યુનીટી હોલ ખાતે આંખ ચકાસણી તેમ રાખવામાં આવ્યો હતો જેમાં આંખના નિષ્ણાંત તબીબો દ્વારા ૧૦૮ રીક્ષા ચાલકોની ષ્ટિ ચકાસી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.**

# એસ્ટ્રોન ચોક પાસે ચાલુ કારમાં હાર્ટએટેક આવતા થોરાળાના કારખાનેદારનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતા પ્રૌઢ કાર ચલાવીને જતા હતા ત્યારે એસ્ટ્રોન ચોક પાસે ચાલુ કારમાં હાર્ટએટેક આવતા તેનું બેભાન હાલતમાં મોત નિપજ્યું હતું.



આ અંગેની માહિતી મુજબ થોરાળામાં આવેલ ખીજડામામા રોડ પર આવેલ રહેતા અને આજી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં રામનગરમાં બાલાજી પ્લાસ્ટીક નામે કારખાનું ચલાવતા મનુભાઈ હિરજીભાઈ પરમાર(ઉ.વ.૫૫)નામના પ્રૌઢ ગઈકાલે સાંજે પોતાની આઈ-૨૦ કાર લઈ સાધુવાસવાણી રોડ પરથી પોતાના ઘરે પરત આવી રહયા હતા ત્યારે એસ્ટ્રોન ચોક પાસે પહોંચતા તેને કાર ચલાવતી વેળાએ હાર્ટએટેક આવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી તેઓનું કારમાં જ બેભાન હાલતમાં જ મૃત્યુ નિપજ્યું હતું બનાવના પગલે રાહદારીઓએ તેના પુત્રને જાણ કરતા પુત્ર સાગર એસ્ટ્રોન ચોકમાં દોડી આવ્યો હતો અને ૧૦૮માં પિતા મનુભાઈને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તબીબોએ મૃતક જાહેર કરતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો. બનાવ અંગેની જાણ એડિવિજન પોલીસ મથકે કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ આહીર અને રાઈટર હોસ્પિટલ ખાતે દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે મૃતક કારખાનેદાર મનુભાઈ પરમાર પાંચ ભાઈ અને બે બહેનમાં વચ્ચેટ હોવાનું અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું હતું.

# મોચીબજારમાં વૃધ્ધ એકાઉન્ટન્ટનું બેભાન હાલતમાં મોત થયા બાદ માનસિક બિમાર પુત્રોએ બે દિવસ લાશ ઘરમાં રાખી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મોચી બજાર વિસ્તારમાં રહેતા અને એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા વૃદ્ધ બે દિવસ પૂર્વે એકાએક બેભાન થઈ ગયા હતા જે અંગે ૧૦૮ ને જાણ કરાતા ૧૦૮ ના ડોક્ટરે વૃદ્ધને મૃત જાહેર કર્યા હતા. બાદમાં મૃતદેહને હોસ્પિટલે ખસેડવાનો હોય તેના બદલે તેના માનસિક અસ્વસ્થ બે પુત્રોએ વૃદ્ધના મૃતદેહને ઘરમાં જ રાખ્યો હતો. વૃદ્ધના નાકમાંથી લોહી વહેવા લાગતા પડોશીઓને જાણ કરતા વૃદ્ધના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ મોચી બઝારમાં આવેલ વોરા બિલ્ડીં ગમાં રહેતાં લક્ષ્મીદાસભાઈ ગોકળદાસ રાજપોપટ (ઉ.વ.૭૫) ગઈકાલે પોતાના ઘરે બેભાન હાલતમાં હતાં. ત્યારે તેના નાકમાંથી લોહી નીકળવા લાગતાં તેમના બે પુત્રો હિતેષ અને જીગ્નેશે પડોસીઓને જાણ કરતાં દોડી આવેલ પાડોસીઓએ જોતા વૃધ્ધ મૃત હાલતમાં જોવા મળ્યા હતાં. બનાવ અંગે તેઓના સબંધીને જાણ કરી વૃધ્ધનો મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે જાણ થતાં એ. ડિવિઝન પોલિસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતકને નાક પર ઈજાના નિશાન હોવાથી મૃતદેહ ફોરેનિ્સક પીએમમાં ખસેડાયો હતો.વધુમાં મૃતકના ભાણેજ આનંદભાઈએ જણાવ્યું હતું કે, તેઓના મામા એકાઉટન્ટ હતાં અને સંતાનમાં તેઓને બે પુત્રો છે.

બંને માનસીક અસ્વસ્થ છે. ગયા સોમવારે લક્ષ્મીદાસભાઈ બેભાન થઈ જતાં તેમના પુત્રોએ ૧૦૮ ને જાણ કરી હતી. દોડી આવેલ ૧૦૮ ની ટીમે તપાસી તેઓને મૃત જાહેર કર્યા હતાં. જે બાદ પણ તેમના માનસિક અસ્વસ્થ પુત્રોએ કોઈને જાણ ન કરી હતી અને ગઈકાલે નાકમાંથી લોહી નીકળવા લાગતાં બનાવ સામે આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, મૃતકને બિલાડીએ બચકા ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# શાપર-વેરાવળમાં નરાધમ શખ્સે મંદબુધ્ધિની મહિલા પર આચર્યુ દુષ્કર્મ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર પોલીસમાં મંદબુદ્ધિ મહિલા પર દુષ્કર્મની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે પાડોશમાં રહેતા શખ્સે મંદબુદ્ધિ મહિલાને હવસનો શિકાર બનવા શાપર પોલીસે ફરિયાદ નોધી નરાધમની શોધખોળ હાથધરી છે.

વિગતો મુજબ શાપરમાં રહેતા અને મૂળ એમ.પીના રાજુ શંકર વસુકિયા નામના શખ્સે તેના પાડોશમાં રહેતી ૩૦ વર્ષો ય મંદબુદ્ધિ મહિલા પર તેના ઘરમાં ઘૂસી તેના પર બળાત્કાર ગુજારતા ચકચાર મચી જવા પામી છે. જ્યારે આ મામલે શાપરમાં પોલીસે રાજુ વસુકિયા સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથધરી ધરી છે. જ્યારે તપાસમાં જાણવા મળ્યું હતું કે, નરાધમ રાજુ મહિલાના પાડોશમાં જ રહેતો હતો અને મહિલા ઘરે એકલી નરાધમે મહિલાને પીંખી નાખતા શાપર પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.ત્યારે તેને હવસનો શિકાર બનાવી હતી. જ્યારે આ ચકચારી ઘટના મામલે સમગ્ર પંથકમાંથી ફિટકાર વરસી રહ્યો છે.હાલ શાપર પોલીસે આરોપી રાજુની શોધખોળ હાથધરી છે. ઉલ્લેખનીય છે કે ,તાજેતરમાં શાપર પોલિસસમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી.જેમાં સિક્યુરિટી એજન્સીના સુપરવાઈઝર કે જે પોતે એચ.આઈ.વી પોઝિટિવ હતો તે છુપાવીને તેની સાથે નોકરી કરતી યુવતીને પોતે અપરણિત હોવાનું કહી તેને અવાર નવાર હવસનો શિકાર બનાવી હતી.જે મમલે પોલીસે તેની સામે ગુનો નોંધી જેલહવાલે કર્યો હતો.ત્યારે હવે મંદબુદ્ધિ મહિલા પર દુષ્કર્મ થયાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

# જંગલેશ્વરમાં કોળી પ્રૌઢનો ગળાફાંસો ખાઈ આપઘાત

## ન્યુ સાગર સોસાયટીમાં યુવાને ઝેરી ટીકડા ખાઈ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં બે અપમૃત્યુના બનવા પામ્યા છે. બનાવ અંગેની જાણ ભક્તિનગર પોલીસમાં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

જેમાં પ્રથમ બનાવમાં જંગલેશ્વરમાં આવેલ હુસેની ચોક પાસે શેરી નં.૫માં રહેતા દિનેશભાઈ ભીખાભાઈ બાવળીયા (ઉ.વ.૫૩)નામના કોળી પ્રૌઢે ગતરાત્રીના ૧૧ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તબીબોએ તેને જોઈ તપાસી મૃતક જાહેર કરયા હતા. જ્યારે એક બનાવમાં જંગલેશ્વર વિસ્તારમાં આવેલ ન્યુ સાગર સોસાયટીમાં રહેતો એઝાજ હારૂનભાઈ મુલતાની (ઉ.વ.૩૨)નામના યુવાને રાત્રીના ૧:૩૦ વાગ્યે પોતાના ઘરે કોઈ કારણોસર ઘઉમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું. આ બંને બનાવોની જાણ ભક્તિનગર પોલીસને કરવામાં આવતા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે.

# જંગલેશ્વરમાં નમાજ પઢી ઘરે જતા પ્રૌઢ રસ્તામાં ઢળી પડયાઃ મોત

## કોઠારિયા ગામે બેભાન થઈ જતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરમાં જુમ્માની નમાઝ પઢીને ઘરે ચાલીને જઈ રહેલા પ્રૌઢ રસ્તામાં બેભાન થઈ ઢળી પડતાં તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલે લઈ જવામાં આવ્યા હતાં. ત્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી પ્રૌઢને મૃત જાહેર કર્યા હતાં.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર આવેલા શિવમ પાર્કમાં રહેતા હિતેશભાઈ ચંદુભાઈ ગજેરા નામનો ૪૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે સાંજના સાતેક વાગ્યાના અરસામાં તેને અચાનક છાતીનો દુખાવો ઉપાડતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકનું હૃદય રોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી પ્રાથમિક પૂછપરછમાં મૃતક હિતેશ ગજેરા બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો. હિતેશ ગજેરા તેના મોટાભાઈ સાથે રહી મજૂરી કામ કરતો હતો અને હિતેશ ગજેરાને આવેલો હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડયો હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલની પરિણીતાએ પતિ સહિતના સાસરિયા સામે નોંધાવી ત્રાસની ફરિયાદ

## દિયર શારીરિક છેડછાડ કરી ઘરમાં બેસવાની વાત કરતો અને સસરા દારૂ પી બેફામ ગાળો ભાંડતા હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ શહેરમાં રહેતી મેણાટોણા અને ત્રાસથી કંટાળી પરિણીતાએ પતિ સહિત સાસરિયાના પાંચ સભ્યો સામે ફરિયાદ નોંધાવી છે.

ગોંડલમાં સાસરું ધરાવતી અને ગોંડલ પંથકના એક ગામમાં હાલ પોતાના ચાર વર્ષના પુત્ર સાથે માવતરે રહેતી પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું કે, મારા લગ્ન પાંચ વર્ષ પહેલા થયેલા. લગ્ન બાદ મને પાંચ મહીના સારી રીતે રાખેલ બાદ મારા પતિ દારૂ પીઈને આવીને ઝઘડો કરીને મારકુટ કરતા હતા. તે કહેતા કે, તારા માવતરે જતી રહે તારા જેવી તો કેટલી ગોતી આવીશ. હું આવર નવાર મારા માવતરે જતી રહેતી. બાદ મને મારા પતિ તથા મારા સાસરીયા વાળાઓ તેડી જતા. મારા સાસું ઘરકામ બાબતે મેણાટોણા મારતા. સાસુ મારા પતિને કહેતા કે આને તું કાઢી મુકને તારો છોકરો અને દાગીના લઈલે હું તને આનાથી સારી ગોતી આપીશ. સસરા દારૂ પીઈને આવીને મને જેમફાવે અપશબ્દો કહેતા. કાકાજી સસરા, પતિને કહેતા કે આને તું કાઢી આપણે બીજી લઈ આવીશું.

દિયર મને ખરાબ નજરથી જોતા અને હું મારા દીકરાને પેટ ભરાવતી હોય ત્યારે મારા રૂમમાં આવી દિયર મને જ્યાં ત્યાં અડપલા કરતો અને અવાર નવાર મને કહેતો કે મારા ઘરમાં બેસી જા. મારો ભાઈ તો દારૂડીયો છે. હું તને સાચવીશ. આ કંઈ હું મારા પતિને કહું તો તે મારૂ કંઈ સાંભળતા નહોતા. એક દિવસ પતિ દારૂ પીને ઘરે આવે છે અને મને બેફામ માર મારે છે. મારાથી માર સહન ન થતા મેં મારા ભાઈને ફોન કરેલો. મારો ભાઈ આવી મને માવતરે તેડી ગયેલા ત્યારથી હું મારા પુત્ર સાથે રિસામણે રહું છું. પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કોટડા સાંગાણીના યુવાનને પત્ની સાથે ઝઘડો થયા બાદ કર્યો આપઘાતનો પ્રયાસ

## શાપર વેરાવળમાં આધેડનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોટડા સાંગાણીમાં ખેત મજૂરી અર્થે આવેલા યુવાને દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરી ઝેરી દવા પી લીધી હતી યુવકને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ કોટડા સાંગાણીમાં રહેતા સંજયભાઈની વાડીએ ખેત મજૂરી કરતા ખીમ કોરવાભાઈ નાવડે નામનો ૪૦ વર્ષનો યુવાન બપોરના બેએક વાગ્યાના અરસામાં વાડીએ હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ઝેરી દવા પી લેનાર ખીમ નાવડે છ ભાઈમાં વચ્ચેટ છે અને તેને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે ખીમ નાવડે એ દારૂના નશામાં પત્ની સુરમીબેન સાથે ઝઘડો કરી ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

શાપર વેરાવળમાં આવેલી પડવલા ફાટક પાસે રહેતા પ્રવીણ દામજીભાઈ રાઠવા નામના ૫૦ વર્ષના આધેડે રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પડવલાની ફાટક પાસે હતા ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. આધેડને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બરકતીનગરમાં છોટા હાથીની નીચે ચગદાઈ જતાં માસુમ બાળકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના બરકતીનગરમાં રહેતા શ્રમિક પરિવારનો એક વર્ષનો એકલોતો પુત્ર ઘર નજીક રમી થયો હતો તે વેળાએ છોટાહાથી રિવર્સમાં આવતા તેના ટાયર નીચે બાળક ચગદાઈ જતાં કમકમાટીભર્યું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં બરકતીનગર-૧ માં રહેતાં આસિફભાઈ છબીબીનો એક વર્ષીય પુત્ર ફિયાઝ ગઈકાલે તેઓના ઘર પાસે રમી રહ્યો હતો ત્યારે તેઓના ઘર સામે જ રહેતાં પાડોશી પોતાનું છોટા હાથી ઘર બહાર કાઢવા રીવર્સમાં લેતાં હતાં ત્યારે સામે જ રમી રહેલ બાળક છોટા હાથીના ચાલકનું ધ્યાન ન રહેતાં બાળક છોટા હાથીના ટાયર નીચે ચગદાઈ ગયો હતો. જેમને ગંભીર હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ મથકના પીએસઆઈ મોરવાડિયા અને રાઈટર તુષારભાઈ દોડી આવ્યા હતા. અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યા અનુસાર, મૃતક બાળકના પિતા મજૂરીકામ અને ડ્રાઈવિંગ કામ કરે છે. મૃતક બાળક પરિવારનો એક નો એક પુત્ર હતો. જ્યારે મૃતકના પિતાએ બનાવ અંગે પોલીસ કર્યાવાહી કરવાની ના પાડતા જરૂરી કાગળો કરવામાં આવ્યા છે.

# જેલમાં રહેતા થોરાળાના યુવાનનું યુવતીએ ઈન્સ્ટાગ્રામમાં બોગસ આઈડી બનાવ્યું

## કાકાના દીકરાના બોગસ આઈ.ડી.માંથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવતા ભાંડો ફુટયોઃ યુવાનની માતાએ યુવતી સામે નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા થોરાળામાં અને હાલ જેલ વાસમાં રહેતા યુવકનુ ફેક આઈ.ડી બનાવી ફોટા- સ્ટોરી મુક્તી યુવતી સામે યુવકની માતાએ ફરીયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ નવા થોરાળા મેઈન રોડ પર બાળક સાહેબની જગ્યા પાસે રહેતા પારૂલબેન કિશોરભાઈ સોંદરવાએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે રામનગર સોસાયટીમાં રહેતી ભુમી ખુશાલભાઈ સોલંકીનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ અને ઘરકામ કરતા હોય ગત.તા.૧૦ના રોજ તેના ભાઈના પુત્ર કેતને ઘેર આવી જાણ કરી હતી જેમા તેને તમારા પુત્ર કેવલના ઈન્સ્ટા ગ્રામ આઈ.ડી. પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી અને આઈ.ડી.માં કેવલનો ફોટા હોય જે એસેપ્ટ કરતા તેમા કોઈ સ્ટોરી મુકતા હોવાનુ જણાવતા પરીવાર પણ ચોંકી ઉઠયો હતો તેનો પુત્ર કેવલ કેટલા સમયથી જેલવાસમાં હોય તેને તપાસ કરી સાયબર ક્રાઈમમાં જાણ કરી હતી જેમા રામનગરમાં રહેતા ખુશાલભાઈ ગોંવિદભાઈ સોલંકીના નામે નંબર રજીસ્ટર હોય અને તે નંબર તેની પુત્રી ભુમી વપરાશ કરતી હોવાનુ બહાર આવતા પારૂલબેનની ફરીયાદ પરથી પીઆઈ કે.જે. રાણા સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપી યુવતીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT